શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ



એપ્રિલ – ૨૦૧૫
અંક – ૪
વર્ષ : ૫૪
સળંગઅંક : ૪૧૮
માસિક કિંમત – ૧૦/-
વાર્ષિક લવાજમ – ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# હૃદયાંજલી



**કૈવલધામવાસી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી**
**તા. ૦૨-૦૫-૧૯૩૨ થી ૧૨-૦૩-૨૦૧૫**

સેવા કાર્યો એવા કર્યા... કે યાદોના ગુલદસ્તા મુકતા ગયા...
સારા સંસ્કાર આપી અમોને સમાજ સેવામાં જોડતા ગયા...
ખોટ સાલસે અમોને હર પલે.... ત્યારે, સદાય આપની સ્મૃતિના દીપ જલે
આપના દિવંગત આત્માને કૈવલધામનું સુખ પ્રાપ્ત થાય એજ અમારી સૌની હૃદયાંજલી

## અર્પણકર્તા

શ્રી હિંમતલાલ મોહનલાલ પંચોલી — શ્રીમતિ મધુબેન હિંમતલાલ પંચોલી
શ્રી કનુભાઈ હિંમતલાલ પંચોલી — શ્રીમતિ ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
ચિ. પાર્થ કનુભાઈ પંચોલી
શ્રી ચિરાગકુમાર વિજયકુમાર મપારા — શ્રીમતિ શ્રુતિબેન ચિરાગકુમાર મપારા
ચિ. સવ્ય ચિરાગકુમાર મપારા
શ્રી અરુણકુમાર ચંદુલાલ પંચોલી — શ્રીમતિ ભુરીબેન અરૂણકુમાર પંચોલી
શ્રી સતિષચંદ્ર નટવરલાલ પંચોલી — શ્રીમતિ જ્યોત્સનાબેન સતિષચંદ્ર પંચોલી
શ્રી ઈન્દ્રવદનભાઈ રમણભાઈ પંચોલી — શ્રીમતિ રમીલાબેન ઈન્દ્રવદનભાઈ પંચોલી

તારાપુર રોડ, હાઈસ્કૂલ સામે મુ.પો.તા. પાવી-જેતપુર જિ. છોટાઉદેપુર - ૩૯૧ ૧૬૦
ફોન : ૦૨૬૬૪-૨૪૨૮૪૮ મો. - ૯૪૨૭૫ ૩૮૬૩૫

# હૃદયાંજલી



**કૈવલધામવાસી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી**
**તા. ૦૨-૦૫-૧૯૩૨ ♦ ૧૨-૦૩-૨૦૧૫**

સંબંધ માટે જીવ્યા આપ, બાંધ્યા સૌ જોડે સંબંધ,
સમાજને કર્યો વિસ્તૃત, અને બન્યા ગ્રામ સુધારક,
સંસ્કાર મૂર્તિ અમ સૌ માટે, તેથી ગાઉ છું જીવન કવન,
સૌના થઈને આપ રહ્યા... આપને કોટી... કોટી... વંદન
પરમ ગુરૂ આપના આત્માને કૈવલધામનું સુખ અર્પે.....એજ પ્રાર્થના

## અર્પણકર્તા

હરીશચંદ્ર ચંપકલાલ પંચોલી
રેખાબેન હરીશચંદ્ર પંચોલી
ચિ. ભાવિક હરીશચંદ્ર પંચોલી
નિતેશકુમાર એન. મોઢા
અલ્પા નિતેશકુમાર મોઢા
ચિ. કિઆન નિતેશકુમાર મોઢા
યુ.કે.


ગં.સ્વ. શારદાબેન ચંપકલાલ પંચોલી
ભરતકુમાર ચંપકલાલ પંચોલી
આનંદીબેન ભરતકુમાર પંચોલી
પલક ભરતભાઈ પંચોલી
નિરવકુમાર નરેન્દ્રકુમાર પંચોલી
નિધિ નિરવકુમાર પંચોલી
ચિ. દિઆ નિરવ પંચોલી
સ્નેહકુંજ કોલોની, વ્યારા.
જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૧૦૦૪

કનુભાઈ હિંમતલાલ પંચોલી
ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
ચિ. પાર્થ કનુભાઈ પંચોલી
ચિરાગકુમાર વિજયકુમાર મપારા
શ્રુતિબેન ચિરાગકુમાર મપારા
ચિ. સવ્ય ચિરાગકુમાર મપારા
પાવી-જેતપુર

ગં.સ્વ. કુમુદબેન સ્વ. પ્રવિણભાઈ પંચોલી
હેતા - સંજયકુમાર એસ. પટેલ
ચિ. દર્શિત પ્રવિણભાઈ પંચોલી
અતુલકુમાર ભીખુભાઈ પંચોલી
વ્યારા
ઈંદિરાબેન-નરેશભાઈ ભીખુભાઈ પંચોલી-યુ.કે.
ચિ. અનિષા-ચિ. મોનલ નરેશભાઈ પંચોલી
મીતાબેન-સુધીરકુમાર ભીખુભાઈ પંચોલી-યુ.કે.
ચિ. રાહી સુધીરકુમારં પંચોલી-યુ.કે.

ગમનભાઈ ખુશાલદાસ પંચોલી
ભાનુબેન ગમનભાઈ પંચોલી
નીતા-વિજયકુમાર ગમનભાઈ પંચોલી
નૈષેધ વિજયકુમાર પંચોલી
કેતકી- ભદ્રેશકુમાર ગમનભાઈ પંચોલી
બિન્ની-હેલી ભદ્રેશભાઈ પંચોલી
સ્વ. ઉષાબેન-હિમાંશુકમાર એચ. ગજ્જર
અનંત હિમાંશુકમાર ગજ્જર
નેહાબેન-ભાવિનકુમાર વાય. પંચોલી
ચિ. વંશ ભાવિનકુમાર પંચોલી

# ભાવાંજલિ



## ''સમાજરત્ન'' શ્રી પરમાનંદભાઈ રામભાઈ પંચોલી

**જન્મઃ ૦૮.૧૦.૧૯૨૬** / **સ્વર્ગવાસઃ ૨૫ ૦૨ ૨૦૧૫**

*ઘરથી શેરી સુધી લઈ જવામાં પિતાની આંગળીના સથવારે આપણું જીવન ઉજાળ્યું છે અને આપણને આ જગતનો પરિચય કરાવ્યો છે. જીવનભર આપણે એમના પડછાયામાં ઉભા છીએ. પિતાનું છત્ર તો આસમાનથી ય વધારે મોટું અને મહાન ગણાય છે. દિકરી હોય કે દિકરો પિતાની હયાતી જેવું આશ્વાસન આ જગતમાં બીજું કોઈ નથી.*

**આપને સદાકાળ યાદ કરનાર**

સ્વ. પુષ્પાબેન પરમાનંદભાઈ પંચોલી ❀ માનનીય મીનાબેન પરમાનંદભાઈ પંચોલી

શ્રીમતી ઉષાબેન મિસ્ત્રી — શ્રી જયંતિલાલ મિસ્ત્રી
શ્રીમતી શોભાબેન મિસ્ત્રી — શ્રી કિશોરભાઈ મિસ્ત્રી
માનનીય કાશ્મીરાબેન મિસ્ત્રી — સ્વ. અરવિંદભાઈ મિસ્ત્રી
શ્રી મુકેશભાઈ પંચોલી — શ્રીમતી અનુરાધાબેન પંચોલી
શ્રી વિજયભાઈ પંચોલી — શ્રીમતી કવિતાબેન પંચોલી

જય, પ્રતિક, સિધ્ધાર્થ, કિરણ, સ્વીટી, ધૈર્ય, સ્મિતા, દિનેશ, દિપાલી, તેજલ, પ્રિતેશ, મીસીકા, કૃણાલ, હેલી, મેઘના, દક્ષેસ, પ્રિયલ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## એપ્રિલ-૨૦૧૫

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફકત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂ. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

હોળીના તહેવાર દ્વારા આસુરી શકિત પર વિજય મેળવ્યો..હવે એપ્રિલ માસમાં વિદ્યાર્થીઓની પરીક્ષાની તૈયારી સાથે પરીક્ષા હોય, સૌ વ્યસ્ત, બાળકો અને માતા-પિતા પણ... ટેન્સનમાં, પરંતુ જીવનમાં પ્રગતિ માટે પરીક્ષા પાર કરવી જરૂરી છે... પછી ભણતરની હોય, ગણતરની હોય કે પછી જીવનના ગણિતની હોય... પાસ તો કરવી જ પડે છે... અને જે પાસ થાય છે તે જ પ્રગતિ કરી શકે છે... આથી મિત્રો શાંતિથી પરીક્ષા આપજો... જેટલી મહેનત કરી હશે એટલું ફળ અવશ્ય મળવાનું જ છે... આપ સૌ સારા માર્કસ લાવી ઉર્તિણ થાઓ અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો.. એજ અભ્યર્થના...

મે મહિનામાં સુરત મુકામે યુવાનો માટેનો એક સુંદર કાર્યક્રમ ‘ઉડાન’નું આયોજન સ્વયં ગ્રુપે કર્યુ છે.... પંચોલી સમાજના દરેક યુવાનોને નમ્ર વિનંતી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લે... સાથે સાથે તને, મને અને ધને કરીને સાથ-સહકાર પણ આપે અને કાર્યક્રમને સફળતાનું સુવર્ણ પીચ્છ અપાવશો....એવી આશા સહ સ્વયં ગ્રુપ સુરતના મૃદુતા મિસ્ત્રી અને તેમની ટીમને હાર્દિક શુભેચ્છાઓ..

વ્યારા એકમના ટ્રસ્ટી, શ્રી પંચોલી નિરાધાર વિધવા સહાયક ફંડ સમિતિના ભારતના પ્રતિનિધિ તરીકે ઘણા વર્ષ સુધી સેવા આપનાર, ઉનાઈ ખાતે આવેલ પંચોલી પંચની વાડીને વિકાસની કેડી પર લાવનાર, વ્યારા ખાતે સગાસંબંધી, જ્ઞાતિના કે પરજ્ઞાતિના જરૂરીઆતમંદોની સેવા કરનાર, તથા એમના પુત્રોમાં પણ સમાજસેવાના પિયુષ પાનાર એવા સમાજસેવક શ્રી ચંપકભાઈ ખુશાલદાસ પંચોલીનું નિધન થતાં પંચોલી સમાજના નભમંડળમાંથી એક સેવાભાવી તારલો ખરી પડયો... અને આપણે એક સાચો સમાજ સેવક ગુમાવ્યો છે.. ।। સ્વેન ક્તુના સંવેદત: ।। મનુષ્ય પોતાના કર્મ દ્વારા બોલે... કેવળ વાતો ના કરે.. પરંતુ કર્મ કરીને બતાવે... એ જીવનમંત્ર આત્મસાત કરી કાર્યોની સુવાસ ફેલાવી ગયા છે.. પ્રભુ એના આત્માને કૈવલધામનું શાશ્વત સુખ આપે એજ અંત:કરણથી પ્રાર્થના..

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને નમસ્કાર,

માર્ચ મહિનામાં વરસાદ, ઠંડી અને તાપની ત્રિવેણી ઋતુ માણી. વિધાર્થી મિત્રો પરીક્ષાની કાર્યવાહીમાં પડયા હશે. જ્ઞાતિના સૌ વિધાર્થી મિત્રો ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી પોતાની કારકિર્દી બનાવે એવી અંતરની શુભેચ્છાઓ પાઠવું છું.

મુંબઇના અને બિલીમોરા સ્થિત સમાજના મુક સેવક વડિલશ્રી પરમાનંદભાઇ રામજીભાઇ પંચોલીના અવસાનથી સમાજે એક કાર્યકર ગુમાવ્યો છે. શ્રી પરમાનંદકાકા સાથે ઉનાઇવાડીના કામ અર્થે વારંવાર મળવાનુ થતું. સમાજ પ્રત્યેની ઉચ્ચ ભાવનાના દર્શન તેમનામાં થતા. પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે એવી પ્રાર્થના કરું છું.

વ્યારા સમાજના પાયાના કાર્યકર, સમાજની વાડી નિર્માણમાં અગ્રેસર રહી વર્ષો વર્ષ સુધી મંત્રી તરીકે સેવા આપનાર વ્યારાના વડિલ મુરબ્બી શ્રી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી ૧૨ માર્ચ ૨૦૧૫ના રોજ દેવલોક થયા છે. શ્રી ચંપકભાઇ શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની વાડી ઉનાઇની જમીન મેળવવામાં અગ્રેસર રહ્યા, ઉપપ્રમુખ, પ્રમુખ તરીકે સેવા આપી. યુ.કે. વિધવા નિરાધાર સહાયક ફંડના ભારતના પ્રતિનિધિ તરીકે ફંડની રચના થઇ. ત્યારથી આજ દિન પર્યંત વિધવા બહેનોને સહાય પહોંચાડતા રહ્યા. વ્યારા સમાજના ટ્રસ્ટી તરીકે સને ૨૦૦૧થી સેવા આપતા વડિલશ્રી ચંપકભાઇના અવસાનથી સમસ્ત પંચોલી સમાજના એક પાયાના કાર્યકરને ગુમાવ્યા છે..સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાર્થના કરીએ છીએ..

સુરત મુકામે સ્વયં આયોજીત યુવા કાર્યક્રમ 'ઉડાન'નું આયોજન કરેલ છે તો દરેક એકમમાંથી મોટી સંખ્યામાં યુવાન મિત્રો હાજર રહે એવી આશા રાખું છું. શ્રી પંચોલી પંચ સુરતે સ્વયંના કાર્યક્રમ માટે સહયોગ આપેલ છે જે બદલ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી તથા સુરતની ટીમનો હાર્દિક આભાર માનું છું. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના સ્વયં ગ્રુપના કન્વીનર શ્રી મૃદુતાબેને સુંદર આયોજન કરેલ છે. સ્વયં ગ્રુપ પાસે મર્યાદિત ભંડોળ હોય ખર્ચ ઘણો મોટો હોય સમાજના દરેક એકમોને વિનંતી કરું છું કે આપણે સૌ ભેગા મળી જયારે આવા કાર્યક્રમ કરતા હોઇએ ત્યારે આપણા સૌની સમાજ પ્રત્યેની ફરજ થાય છે કે આપણે સૌ ભેગા મળી આર્થિક મદદ કરીએ તો ભવિષ્યમાં પણ નાના એકમો સમાજલક્ષી પ્રવૃત્તિઓ માટે આગળ આવશે. મોટા એકમોને વિનંતી કરું કે રૂા. ૫૦૦૦/- અને નાના એકમો રૂા. ૨૦૦૦/-ની મદદ કરે તો પણ ભંડોળ ભેગુ કરવામાં સ્થાનિક કાર્યકરોને મુંઝવણનો સામનો ન કરવો પડે દરેક એકમોનાં યુવાન મિત્રો પોતાના ફિલ્ડમાંથી જાહેરાત કે સ્પોન્સરશીપ મેળવીને મદદરૂપ થઇ શકે. મને આશા છે સુરત ખાતેના કાર્યક્રમમાં દરેક એકમો સહયોગ જરૂર આપશે.. સમય મર્યાદામાં પોતાની એન્ટ્રીઓ નોંધાવી જરૂરી સહકાર આપી આપણે સૌ ભેગા મળી 'ઉડાન' કાર્યક્રમને સફળ બનાવીએ..

મહામંડળના સ્વર્ણિમ ફંડમાં ઘણાં મોટા એકમોમાંથી જેટલો સહકાર મળવો જોઇએ એટલો મળ્યો નથી. દરેક એકમો સ્વર્ણિમ ફંડમાં પણ પૂરતો સહકાર આપે એવી વિનંતી કરું છું.

સ્વર્ણિમ ફંડમાં જે જ્ઞાતિજનો પોતાનો ફાળો નોંધાવવા માંગતા હોય તેઓશ્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, ના બેંક ઓફ બરોડાના ખાતા નં. 02690100010065 IFC CODE. BARBO VYARAX માં જમા કરાવી અમોને જાણ કરશો. આ સ્વર્ણિમ ફંડ માં દરેક મિત્રો નો સહયોગ પ્રાપ્ત થાય એવી આશા રાખુ છું. યુવાન મિત્રો પણ આ ફંડમાં સહયોગ આપે દરેક એકમો, મહિલા મંડળો તથા સ્વયં ગૃપ નાં સભ્યો પણ આ સ્વર્ણિમ ફંડમાં સહયોગ આપે એવી વિનંતી કરૂ છું.

છેલ્લા બે વર્ષથી પાલ વિભાગમાં અધિવેશન કરવા માટેની ઇચ્છા ત્યાંના કાર્યકરો સમક્ષ રજુ કરી પરંતુ ખેદ સાથે જણાવવું પડે છે કે આપણે જોઇતી સફળતા પ્રાપ્ત કરી શકયા નથી. પાલ વિભાગ ના નાના નાના એકમો સંગઠીત થઇ આ કાર્યને ઉપાડી લે એવી વિનંતી કરું છું. સમાજના હિતમાં કોઇપણ કાર્ય શરૂ કરીએ તો તેમાં કોઇ અડચણ આવતી નથી. શુભ હેતુથી કાર્યક્રમને આગળ વધાવવા વિનંતી કરું છું.. યુવાનો માટે ક્રિકેટ સ્પર્ધાનું પણ આયોજન કરવા માંગીએ છીએ કોઇ એકમને સ્પર્ધા યોજવા માટે આગળ આવવા માટે વિનંતી કરું છું.. આવો આપણે સૌ ભેગા મળીને શ્રી પંચોલી સમાજને ઉચ્ચ સમાજનું સ્થાન પ્રાપ્ત કરવામાં સહયોગ આપીએ..

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**014710003655 IFSC code Bkdn 0210147**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

નવયુગ શુભચિંતક  શ્રી મોહનભાઇ ભગવાનજી પચોલી  મુંબઇ  શ્રી કિશોરભાઇ જમનાદાસ મિસ્ત્રી  મુંબઇ

સત્કૈવલ સાહેબ

# શ્રધ્ધાંજલી



**સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી**

**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨–આફ્રિકા–નૈરોબી દેહવિલય : ૧૭.૧૨.૨૦૧૩**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્‌ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઇ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી — શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રી યોગેશભાઇ હરકિશનદાસ પંચોલી — શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)

# શ્રી પંચોલી જ્ઞાતિસમાજ વ્યારા
# શ્રદ્ધાંજલી



**કૈવલધામવાસી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી**
**તા. ૦૨-૦૫-૧૯૩૨ ♦ ૧૨-૦૩-૨૦૧૫**

પંચોલી સમાજની સેવા જેમની ગળથૂથીમાં હતી એવા વ્યારાના સન્માનિય વ્યકિતત્વ ધરાવતા સ્વ. ચંપકલાલ સહુને પ્રેરણા આપતા હતાં. વ્યારા સમાજના મંત્રી તરીકે સને ૧૯૭૧થી ૧૯૯૮ સુધી ૨૮ વર્ષના સમયગાળામાં સેવા આપી. સમાજની વાડીના નિર્માણમાં અગત્યનો ભાગ ભજવ્યો. સાથે સાથે યુ.કે. નિરાધાર વિધવા સહાયક ફંડમાં ભારતના પ્રતિનિધિ તરીકે સને ૧૯૭૨ થી આજ દિન પર્યત વિધવા નિરાધાર ભાઈ-બહેનોને સહાય પહોંચાડતા રહ્યા.. શ્રી સમસ્ત પંચોલી સમાજ પંચની ધર્મશાળા ઉનાઈના જમીનના પ્રશ્નો હલ કરવામાં અગ્રેસર રહી ઉપપ્રમુ અને પ્રમુખ તરીકે સેવા આપી. વ્યારા સમાજના ટ્રસ્ટી તરીકે સને ૨૦૦૧ થી આજ દિન પર્યત સેવા આપી. વ્યારા નગરપાલિકાના વિવિધ હોદ્દાપર રહી સેવા આપી છેલ્લે ચીફ ઓફિસરના હોદ્દા પરથી સને ૧૯૯૧ના વર્ષમાં નિવૃત્ત થયા બાદ પણ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સેવા આપતા રહ્યાં. સદ્‌ગત શ્રી સ્વભાવે સ્નેહાળ, શાંત અને સેવા પારાયણ રહ્યાં હતાં. સમાજની જ્ઞાતિજનો સિવાય પણ પરજ્ઞાતિના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોની સેવા કરતાં હતાં ભલે એમનો નશ્વર દેહ પંચ મહાભૂતમાં વિલીન થઈ ગયો પરંતુ એમના કાર્યોની સુવાસ આપણાં સૌના હૃદયકમળમાં સદા મહેંકતી રહેશે. વ્યારા સમાજના ગૌરવવંતી વિભૂતિને સમસ્ત વ્યારાના જ્ઞાતિજનોની અશ્રુભીની શ્રદ્ધાંજલી

અર્પણકર્તા
ટ્રસ્ટી પ્રશાંતભાઈ વિ. ગાંધી
પ્રમુખશ્રી - ભરતભાઈ ચંપકલાલ પંચોલી
ઉપપ્રમુખશ્રી નવિનભાઈ વિઠ્ઠલભાઈ પંચોલી
મંત્રીશ્રી હિતેશભાઈ પ્રશાંતભાઈ ગાંધી
સહમંત્રીશ્રી નવિનભાઈ ચુનીલાલ પંચોલી
તથા કારોબારી સભ્યો અને વ્યારાના સમસ્ત જ્ઞાતિજનો

# પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલી



**સ્વ. અ.સૌ. રમીલાબેન જયંતિલાલ ગાંધી**

**જન્મ : ૧૯.૦૭.૧૯૪૭ સ્વ. : તા.૨૬.૦૩.૨૦૧૪**

ખરેખર મમ્મી આજે પણ તમારા વ્હાલના દરિયા સમી દીકરીઓ સતત તમારી હૂંફ ઝંખે છે...
દીકરા અને બેટા એવા શબ્દ સાંભળવા અમારા કાન એક વરસથી તરસી રહ્યાં છે.
સદા હસતો, બોલતો તથા પ્રેમાળ ચહેરો આજે પણ અમારી આંખ સામે તરવરે છે..
તમારી વ્હાલની દરિયા સમી દીકરીઓ તથા દીકરો પ્રભુ સામે એજ પ્રાર્થીએ છીએ કે.....
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે....

## અર્પણકર્તા

ગં.સ્વ. ભાવનાબેન ભરતકુમાર પંચોલી-લેસ્ટર
શ્રીમતિ હિનાબેન રસિકકુમાર પંચોલી-લેસ્ટર
શ્રીમતિ કાશ્મીરાબેન જતીનકુમાર પંચોલી-નવસારી
શ્રીમતિ નયનાબેન જયેશભાઈ પંચોલી-વ્યારા
શ્રી અમરકુમાર જે. ગાંધી-વ્યારા

## દ્વિતીય પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**અ.સૌ. કલાવતીબેન રણજીતભાઈ મિસ્ત્રી**

**સ્વ. : તા.૫.૪.૨૦૧૩**

સારા કર્મોની સુગંધ સદાય રહેશે,
મીઠીવાણી હંમેશા યાદ રહેશે,
દેહ ભલે અદ્દશ્ય થયો હોય પરંતુ
તમારી યાદ સદાય અમારી સાથે રહેશે..
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે...
એજ પ્રાર્થના

**અર્પણકર્તા**

શ્રી રણજીતલાલ ઝીણાભાઈ મિસ્ત્રી
નિલેશ રણજીતલાલ મિસ્ત્રી
રિતેશ રણજીતલાલ મિસ્ત્રી
શીતલ રીતેશ મિસ્ત્રી
ચિ. વિધિ - ચિ. ભવ્ય
૨/૯૨૯, હિરામોદીની શેરી, સગરામપુરા, સુરત
મો. ૯૮૭૯૨ ૦૦૪૨૫/૯૮૭૯૨ ૦૦૪૨૯

## આઠમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**ગં.સ્વ. જશવંતીબેન શાંતિલાલ મિસ્ત્રી**

**સ્વ. : તા.૧૭.૪.૨૦૦૭**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.

**અર્પણકર્તા**

મીનાબેન-હિતેશભાઈ શાંતિલાલ મિસ્ત્રી
ચિ. નેહા - ચિ. યુગ
સાધનાબેન-હેમલભાઈ શાંતિલાલ મિસ્ત્રી
મેહલકુમાર શાંતિલાલ મિસ્ત્રી
બ્લોક નં.૩, રૂમ નં. ૩૫, ગુ.હા.બોર્ડ, હસ્તી તળાવ પાસે,
અંકલેશ્વર-૨ મો. ૯૯૮૭૦ ૭૫૪૩૮

## હાર્દિક શ્રદ્ધાંજલી



**ચક્ષુદાતા મધુબેન જશવંતલાલ પંચોલી**

**સ્વ. : તા. ૩૦.૧૦.૨૦૧૪**

મરણ તો સૌનું થાય છે, પણ સ્મરણ તો કોઈકનું જ થાય છે..
સ્મરણ પામનાર બધા સ્મરણના યશભાગી બનતા નથી,
સ્મરણના યશભાગી ક્યારેય મરણ પામતા નથી,
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે....

**અર્પણકર્તા**

જશવંતલાલ બી. પંચોલી
વર્ષાબેન જે. પંચોલી - પૂજા વર્ષા પંચોલી
તથા પરિવાર
ડી-૬, નેમીનાથનગર, રજે માળે, તાડવાડી-સુરત
મો. ૮૪૦૧૦ ૨૯૫૫૮

## પ્રથમ પૂણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાજંલી



**અક્ષરનિવાસી**
**શોભનાબેન(ધનુબેન) પ્રવિણચંદ્ર પંચોલી**
**૧૨:૪:૧૯૫૨ - ૮:૪:૨૦૧૪**

આપની વસમી વિદાયને એક વર્ષ પૂર્ણ થઇ ગયું.
તેમ છતાં પણ આપ અમારી વચ્ચે જ છો..
એવી લાગણી સતત રહ્યા કરે છે...
ભગવાન સ્વામિનારાયણ આપના દિવ્ય આત્માને
અક્ષરધામનું સુખ આપે એજ પ્રાર્થના....

**અર્પણકર્તા**
પ્રવિણચંદ્ર હરકીશનદાસ પંચોલી
જયેશકુમાર પ્રવિણચંદ્ર પંચોલી
પ્રીતિબેન જયેશકુમાર પંચોલી
જેયુલ જયેશકુમાર પંચોલી હેત્વી જયેશકુમાર પંચોલી
ધર્મેશકુમાર ઇન્દ્રવદનભાઇ પંચોલી-જમાઇ
મનિષાબેન ધર્મેશકુમાર પંચોલી-પુત્રી
ચિંતન ધર્મેશકુમાર પંચોલી

૫/૬૭૧, હરીપુરા,મેઇનરોડ, સુરત

## પ્રથમ જન્મ દિવસના અભિનંદન



**ચિ. પર્વ નિરવકુમાર પંચોલી**
જન્મ તા. ૧૭.૦૩.૨૦૧૪



શ્રી નરેશભાઇ જેઠાલાલ પંચોલી
શ્રીમતિ ઉષાબેન નરેશચંદ્ર પંચોલી
શ્રી નિરવકુમાર નરેશચંદ્ર પંચોલી
શ્રીમતિ દિપીકાબેન નિરવકુમાર પંચોલી
ચિ. અમિત નરેશચંદ્ર પંચોલી

**મારૂતિ ટ્રેડિંગ કું.**
દુ.નં.-૨, શહેરા શોપીંગ સેન્ટર, ડેડીયાપાડા-જિ. નર્મદા
મો. ૯૯૭૮૨ ૩૩૭૮૨

Jay Jalaram

# Congratulation......



**Dr. Falguni Anil Pancholi**

*Having been examined and found qualified for the degree Bachlor Of Homoeopathic Medicine and Surgery on 20th October 2014 and awarded with VNSG University, Surat.*

*Our heartly congratulation to our Daughter Falguni on her achievement of emergency patient's care authentication licence from council of Homoeopathic system of medicine, Civil Hospital, AHMEDABAD.*

*We wish her all successes in her new venture.*

**With best compliments from:**

*Late Ambelal Gokuldas Pancholi* — *Mrs. Dhanuben Ambelal Pancholi*
*Mr. Anil Ambelal Pancholi* — *Mrs. Ila Anil Pancholi*
*Miss. Riya pancholi* — *Miss. Niki Pancholi*
*Mr. Dilip Ambelal Pancholi (family)* — *Mrs. Saroj Dilip Pancholi (family)*

***Residence** : A/32, Ramkabir soc.,Station road, Vyara.* *Mob- 9898320929*

Shaadi.com



| | |
|---|---|
| Name | : **Er. Vishal Kamal Kapadia** |
| Age : 28 Year  Height | : 5'7" (170 cm)  Weight : 65 Kg |
| Complexion | : Fair |
| Date of Birth & Time | : 11th January, 1987 8:25 pm (20:25 hr) |
| Place of Birth | : Mumbai |
| Mangalik | : No |
| Education Qualification | : B.E (Civil), M.E (Civil) Specialization in Structure |
| Permanent address | : 10/1001, Shreepati Castle Annex, B- wing, Khet-wadi, Main Rd, Opp Union High school, Mumbai-4 |
| Mobile No | : 9867593606 / (Meenaben) 9987844675 |
| Email Id | : mailmevishalkapadia@gmail.com |
| Job Profile | : Assistant Manager (Structure) |
| Name of the Company | : Larsen & Toubro Limited (L&T Realty Division) |
| Father Name | : Mr. Kamal Gulabdas Kapadia |
| Mother Name | : Mrs. Meena Kamal Kapadia |
| Brother (Younger) Name | : Er. Mayur Kamal Kapadia |

Shaadi.com

| | | |
|---|---|---|
| Name | : | **Mayank N. Gandhi** |
| Age | : | 37 Year |
| Height | : | 5'4" |
| Date of Birth & Time | : | 20.7.1977 - 10.15 am |
| Janmakshar | : | No Sani - No Mangal |
| Education Qualification | : | B.Com. |
| Brother | : | 1 - Married |
| Sister | : | 1 - Married (U.K.) |
| Father | : | Natvarlal K, Gandhi |
| Mother | : | Jashuben N. Gandhi |
| Residence | : | England (Received Permanent residence Visa) |
| Native | : | B/h. Old Post Office, Navapur-425418 Dist. : Nandurbar(MS) |
| Contect | : | 02569-251095 |
| | : | Mo. 94277 82159 |





॥ ૐ નમોઃ શિવાય ॥

# શ્રદ્ધાંજલી

## સ્વ. ઠાકોરભાઈ મોરારભાઈ પંચોલી

## તા. ૧:૫:૧૯૨૨ - ૧૬:૨:૨૦૧૫

જીવન એવું જીવી ગયા કે શ્રદ્ધાંજલીના પુરતા શબ્દો નથી,
એવી સુવાસ પ્રસરાવી ગયા કે, જે નિરંતર પ્રસરતી જ રહેશે..
હૈયે હતી સદા બીજાના દુઃખની વિટંબણા,
હસતે ચહેરે વિદાય લઇ અમોને રડાવી ગયા..
જબ તુ આયા ઈસ જગતમે, જગ હસે તું રોય,
ઐસી કરની કર ચલે તુ હસે જગ રોય.....

સ્વ. ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલીના પુણ્યાત્માએ અનંતની યાત્રાએ પ્રયાણ કર્યુ છે. ત્યારે એમની યાદોને તાજી કરી શબ્દાજંલીના પુષ્પો અર્પણ કરી ભાવભીની અંજલી અર્પણ કરીએ છીએ...

સ્વ. ઠાકોરભાઈ મોરભાઈનો જન્મ તા. ૧.૫.૧૯૨૨ના રોજ વ્યારા (ભારત)માં થયો હતો. બાળપણ વ્યારામાં પસાર કરી ૧૮ વર્ષની યુવાન વયે નૈરોબી (ઇ.આફ્રિકા) માં સ્થાયી થયા. ૧૯૪૮માં વ્યારા મુકામે નિર્મળાબેન વજેરામ પંચોલી સાથે લગ્નગ્રંથીથી જોડાઇ પ્રભુતામાં પગલાં માંડી સુખી સંસારમાં જીવન વિતાવી ફળ સ્વરૂપે બે પુત્રો શ્રી અરૂણભાઇ તથા પંકજભાઇ અને પુત્રી મીનાબેન એમ ત્રણ સંતાન રત્નોની પ્રાપ્તિ થઇ. જન્મજાત સંસ્કાર મળ્યા હોય યુવાન વયથી જ એમના હૃદયમાં બીજાના દુઃખો જોઇ એમના માટે કંઇક કરી છુટવાની ભાવના અંકુરીત થવા માંડી હતી..

સને ૧૯૭૦માં દારેસલામ છોડી લેસ્ટર, યુ.કે.માં સ્થાયી થયા. હૃદયમાં રહેલ પ્રેમ, કરુણા અને વાણી દ્વારા તે વખતના યુ.કે. પંચોલી સમાજની સ્થાપનામાં જેમણે પ્રાણ પૂર્યા હતા. જેમાના કેટલાક દિવંગત આત્મા આપણી સમક્ષ નથી, એમની સમક્ષ વિચારો પ્રસ્તુત કર્યા. ‘પરમાત્માએ આપણને આ દેશમાં સર્વ રીતે સુખી અને સાધન સંપન્ન રાખ્યા છે તો શા માટે ભારતમાં રહેતી આપણાં પંચોલી સમાજની જરૂરીઆતમંદ વિધવા નિરાધાર બહેનોને આર્થિક સહાય ન કરી શકીએ ??’ આ ઉત્તમ વિચારને સૌએ વધાવી લઇ ૧૯૭૨માં સૌ પ્રથમ ‘શ્રી પંચોલી નિરાધાર વિધવા સહાયક ફંડ લેસ્ટર, યુ.કે.ની સ્થાપના કરવામાં આવી. શરૂઆતમાં વ્યારાની બે અને નવાપુરની એક બહેન મળી કુલ ૩ બહેનોને માસિક રૂા. ૨૦ની સહાય કરવાની શુભ શરૂઆત પરમાત્માની કૃપાથી થઇ. આજની તારીખે ભારતની ૫૫ બહેનોને માસિક રૂા. ૬૫૦/- અને દિવાળી પર વિશેષ સહાય રૂા. ૧૬૦૦/- આપવામાં આવે છે. આનો વિસ્તૃત અહેવાલ સપ્ટેમ્બર ૨૦૧૩માં ‘પંચોલી નવયુગ વિધવા સહાય વિશેષાંક’માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. છેલ્લા ૪૨ વર્ષમાં કુલ રૂા. ૪૫ લાખની સહાય કરવામાં આવી છે. સ્વ. ઠાકોરભાઇની પ્રેરણા અને સમિતિના સર્વે સભ્યોના સાથ સહકારથી અને યુ.કે પંચોલી જ્ઞાતિના સર્વે ભાઇ-બહેનોની ઉદારતા ભરી દાનની ગંગાએ આ પુણ્યમય કલ્યાણકારી ફંડમાં ઉત્તમ સેવા આપી અને દાનની સરવાણી વહાવી છે. હાલનું ટ્રસ્ટીમંડળ ભંડોળમાં વધુને વધુ વૃદ્ધિ થાય તે માટે વિવિધ યોજનાનું આયોજન કરી રહ્યા છે.

લક્ષચોરાશીના ફેરા ફર્યા પછી આપણને દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય દેશ મળ્યો છે ત્યારે પરમકૃપાળુ પરમાત્માએ આપણને જે સંપત્તિ આપણા ભાગ્ય અનુસાર આપી છે તેમાંથી પંચોલી નિરાધાર નિઃસહાય વિધવા બહેનોને સહાય કરી જીવનની સાર્થકતા સફળ કરવી એજ સ્વ. ઠાકોરભાઈનો મૂળ સંદેશ હંમેશા રહ્યો છે. સમસ્ત વિશ્વના માલિક પરમકૃપાળુ પરમાત્મા છે અને માયા એની સૂત્રધાર છે. એ આપણને આપણા સંચિત કર્મો પ્રમાણે કઠ-પૂતળીની માફક નચાવી જન્મ - મરણ વચ્ચેની આપણી યાત્રા વિશ્વમંચ પર પૂર્ણ કરાવે છે..

સ્વ. વડિલ શ્રી ઠાકોરભાઇ ૯૨ વર્ષનું દિર્ઘ આયુષ્ય ભોગવી આપણી વચ્ચેથી તા. ૧૬.૨.૨૦૧૫ના રોજ વિદાય લીધી ત્યારે આપણે એમણે શરૂ કરેલ કલ્યાણકારી યજ્ઞમાં આપણે યથાશકિત દાનની આહૂતિ આપીએ એજ સાચી શ્રદ્ધાંજલી લેખાશે. આપણે યજ્ઞો કરીએ છીએ ત્યારે સ્વાભાવિક ફળની આશા હોય છે. એ કરવાની પ્રેરણા મળી એજ સાચુ ફળ છે. બીજા ફળો આપણે જોઇ શકતા નથી પણ નિરાધાર વિધવા બહેનોને સહાય માટેનો યજ્ઞ સત્ચંડી યજ્ઞ સમાન છે. જેનું ફળ તત્કાળ આપણે જોઇ શકીએ છીએ. જીવનની સંધ્યાએ પ્રયાણ કરતા ઠાકોરભાઈની નાદુરસ્ત તબીયતને કારણે વિધવા ફંડની સમિતિમાં હાજર ન રહી શકતા છતાં ફોન દ્વારા બધી માહિતી મેળવતા અને જે રીતે સંચાલન થઇ રહ્યું છે તેથી તેમના હૃદયને અસ્તાચળે જતાં સૂર્ય સમાન પ્રકાશિત રાખતા.

ઠાકોરભાઇ સ્વભાવે મિલનસાર, સ્નેહી, ઇશ્વરપરાયણ

નવયુગ શુભચિંતક શ્રીમતિ જયોત્સનાબેન અમૃતલાલ મિસ્ત્રી મુંબઇ સ્વ. મહેન્દ્રભાઇ ગાંડાભાઇ પંચોલી મુંબઇ

અને સદા આનંદી રહેતા. ‘પર દુઃખે ઉપકાર કરે, તોયે મન અભિમાનન ન આણે રે’ એ એમણે એમના જીવનમાં ઉતાર્યુ હતું. મિત્રમંડળ અને પરિવારમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. સમાજના પોગ્રામ વખતે કલ્યાણકારી યોજના વિષે વાણીનો પ્રવાહ સતત વહ્યા કરતો. મહામંડળના અધિવેશનમાં પણ ઘણાંએ એમને સાંભળ્યા જ હશે..


અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ અને આકાશ એ પંચ મહાભૂતોથી બનેલ પાર્થિવ દેહ જાણે કોફીનમાંથી મૂક સંદેશ કહેતો હતો

‘જયોતસે જયોત જલાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો...
રાહ મેં આયે જો દીન દુઃખી, ઉનકો ગલે સે લગાતે ચલો..’

સ્માશન ગૃહમાં જયારે આ ગીતના શબ્દો ગુંજી ઉઠયા ત્યારે સૌના હૃદય દુઃખથી ભરાયા અને આંખો અશ્રુની ધારા રોકી ન શકી... સ્માનયાત્રામાં સ્નેહી-સગાઓ અને મિત્રમંડળ વિશાળ સંખ્યામાં હાજર રહી ભાવાંજલી અર્પી હતી... પંચોલી વિધવા સહાયક સમિતિ તથા સમસ્ત પંચોલી સમાજ યુ.કે. પ્રભુ ચરણોમાં નત મસ્તકે પ્રાર્થના કરે છે કે સ્વ. ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલીના પૂણ્યાત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાંતિ અર્પે.....

ૐ શાંતિ....ૐ શાંતિ..... ૐ શાંતિ...

લિ. શ્રી પંચોલી વિધવા સહાયક ફંડ સમિતિ-લેસ્ટર-યુ.કે.



॥ સત કૈવલ સાહેબ ॥

# શ્રદ્ધાંજલી

**કૈવલધામવાસી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી**
**તા. ૦૨-૦૫-૧૯૩૨ થી ૧૨-૦૩-૨૦૧૫**

સેવા કાર્યો એવા કર્યા કે યાદોના ગુલદસ્તા મુકતા ગયા...
સારા સંસ્કાર આપી પરિવારને સમાજ સેવાના યજ્ઞમાં સમાવી ગયા..

કૈવલધામવાસી માનનીય ચંપકલાલ ખુશાલદાસ પંચોલી દિર્ઘજીવનના અંતિમ યાત્રાએ પ્રયાણ કરી સૌના હૈયાને આક્રંદ કરતા મૂકી ગયા. આ દુઃખદ સમાચાર સમસ્ત પંચોલી જ્ઞાતિસમાજ - સ્નેહીજનો અને મિત્રમંડળને અત્યંત શોકદાયક રહ્યાં. સદ્ગતની શ્રદ્ધાંજલી માટે અમારા શબ્દ સુમનો પર્યાપ્ત નથી.. એક ઉંડી આહ અને વેદના સાથે અમારી લાગણી વ્યકત કરીએ છીએ...

કૈવલધામવાસી ચંપકભાઇએ પુરા તન, મન અને ધનથી શ્રી પંચોલી નિરાધાર વિધવા સહાયક સમિતિ, લેસ્ટર-યુ.કે.ની સને ૧૯૭૨માં સ્થાપન થઇ તે સમયથી ભારત દેશમાં યુ.કે.ના પ્રતિનિધિ તરીકે વિધવા બહેનોને સહાય પહોંચતી કરવાનું, ફાયનાસ્યલ કામ, અરજીઓ, યુ.કે સાથે સદેશા વહેવાર જેવા સર્વે કામો પુરા હોંશથી, પ્રમાણિકતાથી, ખંતથી અને મહેનતથી છેલ્લા ૪૦ વર્ષ સુધી કર્યા છે એ પ્રસંશાનેપાત્ર અને દાદ માંગી એવા રહ્યાં છે. સદ્ગત સાચા અર્થમાં સમાજસેવાના યોગી (Yogi) હતા. વ્યારા જ્ઞાતિસમાજના વિવિધ હોદ્દા પર તથા ટ્રસ્ટી તરીકેની સેવા સાથે વિધવા બહેનોનો કાર્યભાર સંભાળી રહ્યા હતાં. ન કોઇ ફરિયાદ, ન કોઇ અસંતોષ... વેલ ડન ચંપકભાઇ.... એમની આ અણમોલ કાર્યદક્ષતાને સુરત ખાતે યોજાયેલ મહામંડળના સુવર્ણ મહોત્સવ અધિવેશનમાં વિધવા સહાયક સમિતિ લેસ્ટર-યુ.કે. તરફથી એમનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું તથા યુ.કે.ના વિશેષાંકમાં એમની સેવાને બિરદાવવામાં આવી હતી.

સદ્ગતશ્રી સ્વભાવે સ્નેહાળ, શાંત, સેવાપારાયણ, પ્રવૃત્તિશીલ, ઇશ્વર પારાયણ રહ્યા હતાં. પંચોલી જ્ઞાતિના જ્ઞાતિજન સિવાય પણ પરજ્ઞાતિના પણ જરૂરીઆતમંદ વ્યકિતની સેવા કરતાં હતાં. ફુલોની સુવાસ, અગરબત્તીની સુવાસ, અત્તરની સુવાસ અલ્પ સમય સુધી રહે છે.. પરંતુ સદ્ગત ચંપકભાઇએ વિધવા સહાયક સમિતિના સેવાયજ્ઞમાં ભારતના પ્રતિનિધિ થઇ જે આહુતિ પ્રદાન કરી છે..એ અત્યંત મંગલમય પ્રવૃત્તિ રૂપી રહી છે.. ભલે એમનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થઇ ગયો.. પરંતું એમના કાર્યોની સુવાસ આપણાં સૌના હૃદયકમળમાં સદાય મહેકતી રહેશે..

પરમકૃપાળુ પરમાત્મા એમના પુણ્યમયી દિવ્યાત્માને ચિરઃશાંતિ પ્રદાન કરે અને એમના પરિવારજનોને એમની વિરહની વેદના સહન કરવાની શકિત પ્રદાન કરે...એવી પ્રાર્થના.. શ્રી પંચોલી વિધવા નિરાધાર સહાયક સમિતિ-લેસ્ટર યુ.કે.ના તમામ સભ્યો દિલના ઉંડાણમાંથી આભારની લાગણી વ્યકત કરે છે.. ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ..

ૐ મૃત્યુંજય મહાદેવ, ત્રાહિમામ શરણાગત, જન્મ, મૃત્યુ જરા વ્યાધિ પીડિતં કર્મ બંધનમ્ ॥
લિ. શ્રી પંચોલી વિધવા નિરાધાર સહાયક સમિતિ. લેસ્ટર-યુ.કે.

નવયુગ શુભચિંતક શ્રી ભોગીલાલ ગુલાબદાસ મહેતા મુંબઇ સ્વ. જયંતિલાલ ગુલાબદાસ પંચોલી મુંબઇ

# પૂ. બાપુને શ્રદ્ધાંજલી



**સમાજરત્ન**
**સ્વ. પરમાનંદભાઈ રામભાઈ પંચોલી**
**સ્વર્ગવાસ : તા. ૨૫.૦૨.૨૦૧૫**

**આપ તો ચાલી ગયા....**

**પ**રમ સમીપે પહોંચવા , આપ તો ચાલી ગયા.
**ર**ડતા મૂકી પુષ્પાના પુષ્પોને , આપ તો ચાલી ગયા.
**મા**યા જગતની મીનાને સોંપી ,આપ તો ચાલી ગયા.
**નં**દનવન સમી વાડી છોડી , આપ તો ચાલી ગયા.
**દ**યા ન રાખી ઉષા - જયંતિ , શોભા - કિશોર ની અને
**રા**ખી ઉરમાં કાશ્મીરાના સુખને , આપ તો ચાલી ગયા.
**મ**હેચ્છા હતી વિજય - કવિતા ને સુખી કરવાની પણ
**ભા**ર સઘળો મુકેશ - અનુ ને સોંપી , આપ તો ચાલી ગયા.
**ઈ**શને દયા ન આવી જય , પ્રતિક , સિધ્ધાર્થની
**પં**થ નિરાળો શોધી લીધો ને , આપ તો ચાલી ગયા.
**ચો**ધાર આંસુડે રડે સ્મિતા , કુણાલ , કિરણ , તેજલ , મીનુને
**લી**લા સઘળી સમેટી , આપ તો ચાલી ગયા........

**શોભા કિશોર મિસ્ત્રી-અક્ષય-બીલીમોરા**

અમારા બાપુ 'સમાજરત્ન' સ્વ. પરમાનંદભાઇ રામભાઇ પંચોલી... સો ટચના સોના જેવા. ઓછું બોલવું, વધુ સમજવું, કોઇની પણ આશા અપેક્ષા વિના કામ કરતા જવું એ એનો જીવનમંત્ર.

આજથી ૬૦ વર્ષ પહેલા પણ છોકરા-છોકરી વચ્ચે કોઇ ભેદભાવ ન કરતાં અમને બન્ને બહેનોને ઉચ્ચ શિક્ષણ આપી અમારામાં સ્વમાન અને સ્વાવલંબનની ભાવના જન્માવી. છોકરી એટલે આમ ન કરાય, આમ ન જવાય એવા કોઇપણ જડબંધન નહીં. આપણી મર્યાદામાં રહીને બધું જ થાય એજ વાત... અમારા બાપુના પ્રતાપે જ આજના પુરુષ પ્રધાન્ય વાળા આ જગતમાં અમો પણ પુરુષ સમોવડી કે એનાં કરતા પણ ચડીયાતા છીએ..

સમાજ આપણા માટે શુ કરે છે એના કરતાં આપણે સમાજ માટે શું કરીએ છીએ એવી ઉચ્ચ સમાજસેવાની એમની ભાવના.. અને અમારા બધામાં જ એમના જ ગુણ વારસામાં મળ્યા છે. એમનાં સામાન્ય ઉત્તરદાયિત્વ તથા સદ્કાર્યોનો વારસો એમણે કંડારેલી કેડી પર ચાલી અમો આગળ લઇ જઇ શકીએ... ગૌરવ લઇ શકીએ...

સતત બીજાને મદદરૂપ થવાની એમની ભાવનાથી તો કેટલાંયને એમને આર્થિક મદદ કરી હશે જેનો કોઇ હિસાબ નથી. બાપુ પાછા પોતાના નામ પ્રમાણે પરમ આનંદમાં જ રહેતા. ગમે તેવી વિકટ પરીસ્થિતિમાં પણ વિચલીત થયા વગર બાની માંદગી... અને મૃત્યુ, મમ્મીની બિમારી અને ઓપરેશન.. મારી માંદગી અને વિજયના બે-ત્રણ ઓપરેશનો.. આવી કોઇપણ વિકટ પરિસ્થિતિમાં પણ હિંમત હાર્યા નથી અને અમને પણ સધિયારો આપતા કે બધુ જ સારું થઇ જશે. ક્યારેય પણ કોઇ સામે રાવ નહિં, ફરિયાદ નહિં કે કોઇનો દોષ કાઢે નહીં.. મનથી મજબૂત એવા જ તનથી તંદુરસ્ત. ખાવા-પીવાની, ચાલવા જવાની કે કોઇપણ પ્રક્રિયામાં નિયમિતતા.. ફાવશે, ગમશે, ચાલશેની રીત અપનાવી જમાના સાથે બદલાતાં રહ્યાં છે... ઘરમાં વહુઓ સાથે પણ દીકરીઓ જેવો જ વ્યવહાર... વ્હાલ, વાત્સલ્ય, પ્રેમ, સ્નેહએ લખવાનું નહીં પણ માણવાની અનુભુતિ છે. બાપુ We are Proud of you.... કે અમે તમારા બાળકો છીએ.. બાપુ હોય તો તમારા જેવા જ... Strong, Soft Sweet.

બાપુ તમે ક્યાંય ગયા નથી... તમે તો અમારા મનમાં.. અમારા હૃદયમાં, અમારી યાદોમાં છો.. તમારા સદ્કાર્યોની સુવાસ અને સમાજસેવાને આજીવન આગળ ધપાવવાની અમોને પ્રભુશકિત અર્પે... તમારા આત્માને પ્રભુ શાશ્વત સુખ અને શાંતિ અર્પે એજ તમારા બાળકોની પ્રાર્થના...

લી આપની વ્હાલી પુત્રી
ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી-નવસારી

આ જાહેરાત તરીકે પ્રકાશિત કરવામાં આવ્યું છે....

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર નગીનભાઈ મિસ્ત્રી મુંબઈ શ્રી કમલનયન નરોત્તમદાસ મિસ્ત્રી મુંબઈ

# ધોબીને પત્ર

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ

શ્રીમાન વસ્ત્ર પ્રક્ષાલનકાર મહાશય મહાનુભાવ ધોબીશ્રી ભગવાનજીભાઇ

અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશન થી હે...ઠ થલતેજ ટેકરાના અંતર જેટલું લાંબુ સંબોધન તને અમસ્તુ નથી કર્યું ભગવાનજીભાઇ, પણ તને ઇસ્ત્રી કરવા આપેલાં કપડાં તું કેટલા લાંબા સમયગાળા પછી પાછા આપી જાય છે તે તને સમજાવવા માટે થઇને જ કર્યુ છે.. તને એ વાંચતાં જેટલો કંટાળો આવશે તેનાથી ડબલ કંટાળો તને ઇસ્ત્રી કરવા આપેલા કપડાં તુ પાછા કયારે આપી જાય છે તેની રાહ જોવામાં અમને આવે છે..

પહેલા તો મને તારા પ્રલબ વિલંબનું રહસ્ય સમજાયું નહોતું. પણ એકવાર તારી ઘરવાળીને મારો પંજાબી ડ્રેસ પહેરીને બસસ્ટોપ પર ઉભેલી જોઇ ત્યારથી મને એ વાત સમજાય ગઇ છે. પણ એ તો હંમેશા સાડી જ પહેરતી હતી ને ? પણ હવે પંજાબી ડ્રેસ પહેરવા જેટલી મોર્ડન થઇ ગઇ ? વળી એક દિવસ તારા ટેણિયાને મારા નાના દિકરાનું હાફ પેન્ટ અને ટીશર્ટ પહેરીને ગામમાં જોયો ત્યારે મને ખ્યાલ આવી ગયો કે તને અમારાં કપડાં ઇસ્ત્રી કરીને લાવતાં આટલી વાર કેમ થાય છે. ખેર ! 'કપડે કપડે પર લીખા હૈ પહનનેવાલે કા નામ.'

તને યાદ છે એકવાર મારા પતિનું રેમન્ડનું પેન્ટ વારંવાર યાદ કરાવ્યા પછી બરાબર એક મહિના પછી પાછું આપ્યું હતું ? એ બદલ હું જાહેરમાં તારો આભાર માનું છું. કેમ કે મારા ભાઇઓએ મને બળેવ પર ભેટ આપેલો સરસ મજાનો પંજાબી ડ્રેસ તો તેં બે મહિને પણ પાછો આપ્યો નથી. જો કે થોડા જુના, ઓછાં કિંમતી, થોડા ઘસાયેલા કપડાં તું નિયમિત પણે આપી જાય છે., એ બદલ પણ તારો મારે આભાર માનવો ઘટે. કેમ કે તારા થકી તો અમે આ સમાજમાં ઉજળાં રહ્યાં છીએ.

તારાં ઇસ્ત્રી કરેલા કપડાં જોઇને અમને તારા મુડનો ખ્યાલ આવી જાય છે. બેંકવાળા જે રીતે અમુક સમયમાં અમારાં નાણાંને ડબલ કરી આપે છે, એ રીતે તું અમારાં કપડાંમાં જયારે ડબલ સળ પાડી લાવે છે, ત્યારે અમે જાણી જઇએ છીએ કે તું કંઇ મુંઝવણમાં છે. જે દિવસે તું કપડાંની કરચલીઓ ઓછી કરવાને બદલે વધારીને લઇ આવે છે, ત્યારે અમને ખબર પડી જાય છે કે તું તારી બૈરી સાથે ઝઘડયો છે. ખેર ! સંસાર છે, ચાલ્યા કરે એ તો.

પણ રોજ મારા પતિ ઓફિસ જતી વખતે કપડાં જોઇ ગુસ્સે થાય એટલે હું હાથ પર લીધેલું કામ પડતું મુકીને દોડું. એમના શર્ટની બાંયો, કોલરને ફરીથી ઇસ્ત્રી ફેરવી આપું. મને તો કોઇ વાંધો નથી, કામ તો ચાલતું રહે, પણ એમને ઓફિસ જવાનું મોડું થઇ જાય એટલે મને કહે ' મારા બોસ મને નોકરીમાંથી કાઢી મુકે તે પહેલા તું આને(એટલે કે તને-ધોબી)ને આપણી સેવામાંથી મુકત કર.' એમની આ તાકીદ મેં તને ઘણીવાર 'પાસ ઓન' કરી છે, પણ એ બધું તો 'પથ્થર ઉપર પાણી' એક ધોબીના કહેવાથી પ્રભુ રામે સીતામાતાને જંગલમાં કાઢી મુકેલા. તું જો તારું કામ નહીં સુધારે તો મારે મારા પતિના કહેવાથી એક ધોબીને (તને) કામમાંથી કાઢી મૂકવો પડશે..

ખરાબ ઇસ્ત્રી માટે તું હંમેશા તારા આસિસટન્ટની બેકાળજીને જવાબદાર ઠરાવે છે, પણ હું તો જયારે તારા ઘર પાસેથી પસાર થાવ છું ત્યારે મને તારા અને તારી ઘરવાળી સિવાય તારો કોઇ આસિસટન્ટ દેખાતો નથી. શું એ મી. ઇન્ડિયાની જેમ અદ્રશ્ય રહીને કામ કરે છે ? દવાખાને જવાના બહાને તું દર શુક્રવારે ઘરે ઘરેથી એડવાન્સ રૂપિયા ઉઘરાવે છે, પણ મને ખબર છે કે દર શુક્રવારે તું થીએટરમાં ફિલ્મ જોવા જાય છે. છોકરાંઓની બુકસ અને યુનિફોર્મ લાવવાના પૈસા નથી અને ભાઇસાહેબને દર અઠવાડિએ થીયેટરમાં જઇ ફિલ્મ જોવી પોસાય છે. એ તો ઠીક, પણ સાવ કચરા છાપ ફિલ્મ જોઇને તું જોકર જેવા કપડાં પહેરે અને વિચિત્ર હેરસ્ટાઇલ કરે છે ત્યારે સાવ હાસ્યપદ લાગે છે.. ઘરમાં ખાવાના સાંસા છે અને ભાઇસાહેબને લોન પર સ્કૂટર લઇ સવારી કરવી છે, તે એનાં હપ્તા કોણ ભરશે તે કંઇ વિચાર્યુ છે..કે ? એ માટે જો હવે એડવાન્સ પૈસા માંગ્યા છે ને તો તારી ખેર નથી. આતો તારાં બૈરી છોકરાની દયા આવે છે તેથી કોઇવાર એડવાન્સ રૂપિયા આપું છું, સમજ્યો ?

એક દિવસ તારી બૈરી રસ્તામાં મળી તો શું કહે બહેન, અમારા એ ને તમે જરા સમજાવોને. દર રવિવારે ગુજરીમાંથી સાવ મુડદાલ જેવો સામાન ઉઠાવી લાવે છે. દુધ કે શાકભાજીના પૈસા માંગું તો આપતાં જોર આવે છે. કેટલી કાકલુદી કરું ત્યારે માંગ્યા હોય એનાથી અડધા પૈસા માંડ માંડ આપે, અને તે પણ હજારો સવાલ પૂછ્યા બાદ.' મેં એને કહ્યું 'તારે જોઇતા હોય એનાથી ડબલ પૈસા માંગવાનાં.' તો એ હસીને બોલી 'એમજ કરું છું બહેન, ત્યારે જ તો ઘર ચાલે છે ને..'


જો ભગવાન તું છે હરતી ફરતી પોસ્ટઓફિસ જેવો. કે પછી રોજના ન્યુઝપેપર જેવો. સોસાયટીમાં કોના ઘરમાં, કોની વચ્ચે અને કઇ બાબતમાં તકરાર થઇ એ વાત તું બધાને મીઠું મરચુ ભભરાવીને મસાલેદાર આઇટમના રૂપમાં ઘરે ઘરે પીરસી આવે છે. આ સોસાયટીમાં કોણ અતિ કંજુસ અને કોણ અતિ ઉડાઉ એ વાત તું બાજુની સોસાયટીમાં જઇ કહે છે અને એમની વાતો અહીં આવીને કહે છે. આ તારી ટેવ સારી નથી. તુ હવે મોટો થયો, હવે તો તારા આ 'નારદવેડા' છોડ. કાલે તેં કોઇ રિટાયર્ડ જજના આલ્સેશિયન કૂતરાને સોસાયટીમાં છોડીને બાળકોને ભગાવ્યા એમાં એક છોકરાને પગે મોચ આવી ગઇ એનું તને ભાન છે ? તું આવો 'સેડેસ્ટિક પ્લેઝર' (પાશવી

નવયુગ શુભચિંતક શ્રી બીપીનભાઇ રામલાલ મપારા મુંબઇ શ્રી દેવેન્દ્રકુમાર મગનલાલ મિસ્ત્રી મુંબઇ

આનંદ) લેતો ક્યારથી થઇ ગયો.

તને આ પત્ર દ્વારા તાકિદ કરું છું કે તું બોલવાનું અને રખડવાનું ઓછું કર, અને તારું કામ સુધાર (બાતે કમ ઔર કામ જયાદા...ભગા) અને બની શકે તો તારું નામ ભગવાન છે તે બદલીને બીજું કંઇ રાખ, વારંવાર ભગવાનને (એટલે કે તને) ધમકાવવાનું મને સારું નથી લાગતું. (મને Guilt ફીલ થાય છે) હું સામાજિક સુધારક હરગીઝ નથી, તો પણ તને કહું છું, હે ભગા... હે ભગવાનજીભાઇ, મારા બાપ હવે તો તું થોડો સુધર, હવે તો જરા માણસ બન.....

લિ. વ્યકિત સુધારણા નહિ, તો કમસે કમ કાર્ય સુધારણાના મનોરથ સેવતી એક આશાવાદ ગ્રાહક...



**જન્મ : ૮.૧૦.૧૯૨૬**
**સ્વર્ગવાસ : ૨૫.૨.૨૦૧૫**

## મુંબઈના 'સમાજ રત્ન' શ્રી પરમાનંદભાઈ રામભાઈ પંચોલી

# શ્રધ્ધાંજલી

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના 'સમાજરત્ન' શ્રી પરમાનંદભાઇ રામભાઇ પંચોલી, મુંબઇ એકમના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સભ્ય, ઉપરાંત એડહોક સમિતિના પ્રમુખ જેવી લાંબી કારકીર્દિ નિભાવ્યા બાદ તા. ૨૫.૨.૨૦૧૫ના રોજ દેવલોક પામ્યા છે.

મુંબઇ સમાજનાં 'સમાજ રત્નો'ની હરોળમાં એમનું સ્થાન પ્રેરક છે. એમણે પોતાના સરળ વ્યકિતત્વ, વિચારસરણી અને આયોજનથી મુંબઇ સમાજને ગર્વિષ્ઠ બનાવ્યો છે..

સમાજના દરેક કાર્યમાં અગ્રેસર રહી સ્થગિત થઇ ગયેલ મુંબઇ સમાજના કાર્યક્રમોને પુનઃ જીવંત કરી પાંચ વર્ષ સુધી તેમણે કટોકટીના પ્રમુખ તરીકે કામગીરી બજાવી સક્રિય પિઠબળ દ્વારા સંસ્થાને પ્રગતિની દિશા બતાવી છે.. યુવા કાર્યકર્તાઓનાં પ્રેરક બન્યા છે. સમાજસેવા અને દાનના પ્રવાહનું જ્ઞાન તેમણે પોતાના વારસદાર પુત્ર-પુત્રીઓને પણ વારસામાં આપ્યું છે..

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ, મહામંડળ ક્ષેત્રે તથા ઉનાઇ પંચની વાડીમાં કરેલ તેમના કુટુંબનો દાન પ્રવાહ નોંધનીય છે.. એમનો સિદ્ધાંત : 'કઠોર પરિશ્રમનો બીજો કોઇ પર્યાય નથી.' પૈસો પોતાના માટે ખર્ચાય તે લક્ષ્મી કહેવાય પરંતુ સમાજના સત્કાર્યમાં વપરાય તે મહાલક્ષ્મી બની જાય છે.. આવા સિદ્ધાંતપ્રિય અને અંધશ્રદ્ધામાં ન માનનાર સૌમ્ય અને મુક સેવક ટુંકી માંદગી બાદ દેવલોક પામ્યા. મુંબઇ સમાજમાં એમની ખોટ પુરી શકાય એવી નથી.. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિરઃશાંતિ અર્પે અને એમના કુટુંબીજનો પર આવી પડેલ વજ્રઘાત સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના

લિ. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ
(કારોબારી સમિતિ-વર્ષ ૨૦૧૪-૧૫)

# શ્રધ્ધાંજલી

પરમ આનંદ એટલે જ પરમાનંદ.. જ્યાં પરમ આનંદના સ્ત્રોત આંતરમનમાં વહેતાં હોય ત્યાં મૃત્યુના લેખાં જોખાં ન હોય. આજે શ્રદ્ધાંજલી આપતાં શ્રદ્ધા વિચારે છે કે આજ, ગઇકાલ અને આવતીકાલ એમની સમાજમાં સતત સ્મરણીય રહેશે.. આતો એક જીવનની રફ્તાર છે.. અવાગમનના ફેરામાંથી કોઇ જ મુકત નથી.

સરળ સ્વભાવ, શાંત મન, મૂકસેવા એ જેઓના જીવનનો મંત્ર હોય એવી વ્યકિતને વિસારે પાડવી શક્ય જ નથી. સ્વ. જમુભાઇની જોડી તુટતાં એમનાં મનમાં વિખૂટા પડવાનો વિષાદ સદાયે ડંખતો જ રહ્યો હતો.. સાંસારિક જવાબદારીમાં પણ સ્વ. પુષ્પાબેન અને ગં.સ્વ. મીનાબેનનો સ્નેહ એમણે જાળવી રાખ્યો હતો. પુત્રોમાં મુકેશભાઇ અને વિજયભાઇની સદાયે સાચા કારીગરની અદાએ ઉછેર્યા. પુત્રીઓ ઉષા અને શોભાને શિક્ષણની યોગ્ય કેડી સંપાદન કરાવી. પુત્રવધુઓ અનુરાધા અને કવિતાને પુત્રી સમાન સંભાળી જમાઇઓના મિત્ર બની રહ્યાં. પૌત્રો અને દોહિત્રના પ્રિય દાદા અને નાના બન્યા.

આજે પરિવારજનોમાં રંજ છે. મીનાબેનની એકલતાનો ખૂણો કલ્પાંત કરે છે, પણ સમગ્ર પરિવાર એઓને સ્નેહભાવે સંભાળશે એવો અતૂટ વિશ્વાસ છે.. ઇશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે અને પરિવારજનોને દુઃખ સહન કરવાની શકિત અપે એજ પ્રભુ પ્રાર્થના....

'નારીરત્ન' હસુમતી ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી(વે)

નવયુગ શુભચિંતક શ્રી ચંદ્રવદન હરગોવનદાસ મિસ્ત્રી મુંબઇ શ્રી ધનસુખભાઇ ભગવાનદાસ પંચોલી સુરત

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત તથા સ્વયં(સુરત) દ્વારા આયોજીત**
**સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજ્જર તથા સ્વ. ઉષાબેન હિમાંશુભાઈ ગજ્જર**
(હ. પૂર્ણિમાબેન કમલેશભાઇ ગજ્જર અને હિમાંશુભાઇ હસમુખલાલ ગજ્જર)

# પ્રથમ યુવા અધિવેશન 'ઉડાન'

તમસો માં જ્યોતિર્ગમય

SURAT

Udaan
Together We Rise

**તારીખ : ૧૦:૦૫:૨૦૧૫**
**સવારે ૮:૩૦ થી ૩:૩૦ કલાક સુધી**

**સ્થળ : કન્વેશનલ હોલ(એ.સી.)**
**વી.દ.દ.ગુ.યુનિ ઉધના, મગદલ્લારોડ,**
**વેસુ, સુરત**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત તથા સ્વયુ (સુરત) દ્વારા આયોજીત મે મહિનામાં યુવાનો માટેનો એક કાર્યક્રમ 'પ્રથમ યુવા અધિવેશન 'ઉડાન' રાખવામાં આવ્યો છે જેની વિગતો નીચે મુજબ છે.

મે મહિનાને ધ્યાનમાં રાખી આ કાર્યક્રમ તા. ૧૦.૫.૨૦૧૫ના રોજ 'વીર નર્મદ દ.ગુ. યુનિવર્સીટીના કન્વેન્શનલ (એ.સી.) હોલમાં આયોજીત કરવામાં આવશે..

આ કાર્યક્રમમાં સમય મર્યાદા હોય સવારે ૮:૩૦ કલાકે શરૂ કરી ૩:૦૦ કલાકે ફરજીયાત પૂર્ણ કરવાનો રહેશે..

આ કાર્યક્રમમાં દરેક એકમના યુવકો માટે ૧૦ મિનિટ ફાળવવામાં આવેલ છે જેની એન્ટ્રી પોગ્રામની સ્ક્રીપ્ટ સાથે મોડામાં મોડી ૨૦ એપ્રિલ સુધીમાં નીચેના સરનામે મોકલવી જરૂરી છે. સમય મર્યાદા બાદ આવેલ એન્ટ્રી લેવામાં આવશે નહીં. કોઈપણ એન્ટ્રીનો સ્વીકાર કે અસ્વીકાર આયોજક દ્વારા કરવામાં આવશે. એન્ટ્રી વહેલા તે પહેલાનાં ધોરણે લેવામાં આવશે.. સામાજીક સંદેશાવાળી એન્ટ્રીઓ ઇચ્છનીય છે.

આ કાર્યક્રમમાં યુવાનો માટે મોટીવેશનલ સ્પીચ જાણીતા વકતા દ્વારા રાખવામાં આવેલ છે.

ટેલન્ટ હન્ટ, યુવાનો માટે એન્ટર ટ્રેઇનીંગ પોગ્રામ વિ..વિ..ના આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં તમામ એકમોના યુવાનો(ઉંમર ૧૮ થી ૪૦ વર્ષ) ભાગ લઇ શકશે.

સમાજના કોઇપણ સભ્ય કાર્યક્રમ નિહાળવા ઉપસ્થિત રહી શકશે. કાર્યક્રમમાં મર્યાદિત ૫૦૦ રજીસ્ટ્રેશન લેવાના હોય વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.. રજીસ્ટ્રેશન જે-તે એકમના સ્વયંના પ્રમુખ-મંત્રી દ્વારા મોકલવાના રહેશે, જે એકમમાં સ્વયં નથી ત્યાં એકમના પ્રમુખ-મંત્રી દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.. જેની અંતિમ તારીખ **૨૫ એપ્રિલ-૨૦૧૫** રાખવામાં આવી છે. સરળ આયોજન માટે સ્પોટ રજીસ્ટ્રેશન સંપૂર્ણ બંધ છે. રજીસ્ટ્રેશન વિના સ્થળ પર એન્ટ્રી આપવામાં આવશે નહીં..

રજીસ્ટ્રેશન ફી ૫ થી ૧૦ વર્ષ સુધી ૧૫૦ તથા ત્યારબાદ રૂા. ૨૦૦ નકકી કરવામાં આવેલ છે.

નીચે મુજબ દાન સ્વીકારવાનું નકકી કરવામાં આવ્યું છે.

મુખ્ય પ્રયોજક : રૂા. ૩૧,૦૦૦/- મુખ્ય પ્રયોજકના નામથી આ કાર્યક્રમને નામ આપવામાં આવશે.

વેન્યુ સ્પોન્સર : રૂા. ૧૨,૦૦૦/- વેન્યુ સ્પોન્સરનું નામ હોલ તથા નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે.

ભોજન સ્પોન્સર : રૂા. ૫,૦૦૦/- ભોજન સ્પોન્સરના નામ ભોજન સ્થળે તથા નવયુગમાં જાહેર કરવામાં આવશે.

ચ્હા-નાસ્તા સ્પોન્સર્સ : રૂા. ૨૫૦૦/- સ્પોન્સર્સના નામ ભોજન સ્થળે તથા નવયુગમાં જાહેર કરવામાં આવશે.

ફોટોગ્રાફી સ્પોન્સર્સ : રૂા. ૧,૫૦૦/- સ્પોન્સર્સના નામ નવયુગમાં જાહેર કરવામાં આવશે.

આ સિવાય આપ સમાજ બહારના આપના કોન્ટેકટ-વેપારી મિત્રોની જાહેરાત પણ આપી શકો છો. જેનો ચાર્જ પર જાહેરાત રૂા. ૧,૦૦૦/- છે, આ જાહેરાત હોલમાં દર્શાવવામાં આવશે. આપની જાહેરાત suratswayam@gmail.com પર મોકલવા વિનંતી.

આ સિવાય આપનાતરફથી મળનાર કોઇપણ રકમનું દાન સ્વીકાર્ય છે. સ્વયંનો આ પ્રથમ પોગ્રામ હોય ફાયનાન્સિયલ સપોર્ટ ખૂબ જ આવશ્યક છે. જે માટે મહામંડળ, તમામ એકમો તથા દાતાઓનો સહકાર અનિવાર્ય છે. આપનું ડોનેશન ઉપર મુજબ નોંધાવી અમોને ઉત્સાહિત કરવા આગ્રહભરી વિનંતી છે..

આ કાર્યક્રમ માટે આપના સૂચનો આવકાર્ય છે. આપના સૂચનો તથા માહિતી માટે નીચેના નંબર પર સંપર્ક કરો...


મૃદુતા પ્રતિક પંચોલી - ૯૯૨૪૨ ૧૧૭૨૨
અધ્યક્ષા - સ્વયં
પ્રણવ એમ. પંચોલી - ૯૮૭૯૬ ૦૫૨૩૫
કો-ઓર્ડીનેટર-સ્વયં

મનિષભાઇ એમ. પંચોલી - ૯૮૨૫૨ ૭૫૦૨૩
પ્રમુખશ્રી - શ્રી પં.સે.સ. મહામંડળ
હેમંતભાઇ સી. મિસ્ત્રી - ૯૯૨૪૨ ૧૧૦૨૨
પ્રમુખશ્રી - સુરત સમસ્ત પંચ



નવયુગ શુભચિંતક સ્વ. પરસોત્તમદાસ ભીખાભાઇ પંચોલી સુરત શ્રી પદ્મકાંત ગણપતભાઇ પંચોલી સુરત

| | **પોસ્ટ ઓફિસ યોજના** | **L.I.C. યોજના** |
|---|---|---|
| Discription | પૉસ્ટ ઑફિસ ફકત ૨૦૧૪-૧૫<br>માટે **૯.૧** % વ્યાજ જાહેર કરેલ છે. | L.I.C. આપે છે<br>ઇન્સ્યુરન્સ+ગૅરંટેડ રીર્ટન ૨૧ વર્ષ માટે |
| Primium | રૂા. ૧૨,૦૦૦/- રૂપિયા<br>**૧૪ વરસ** સુધી ભરૉ<br>અનૅ મૅળવૉ **રૂા. ૬ લાખ** | રૂા. ૨૨,૫૦૦/- રૂપિયા<br>**૯ વરસ** સુધી ભરૉ<br>અનૅ મૅળવૉ રૂા. ૬,૩૨,૪૦૦ |
| Primium Holiday | **૭ વરસ** રકમ ભરવાથી મુકિત | **૧૨ વરસ** રકમ ભરવાથી મુકિત |
| Insurance | **૦** મળશૅ | **૩.૭૫ લાખ** કુદરતી અને **૬.૭૫ લાખ**<br>ઍકસીડન્ટ મૃત્યમાં મળશે |
| Term Rider (Optional ) | ઉપલબ્ધ નથી | Term Rider લીધૅલ હશૅ તૉ<br>ઍકસીડન્ટ મૃત્યુમાં **૯.૭૫ લાખ મળશે** |
| Disability Benifit | કંઇ પણ નથી | પરમૅન્ટ ડીસઍબીલીટીના સંજૉગૉમા બાકીના વરસૉનુ પ્રીમીયમ ભરવાનું રહૅતુ નથી. અનૅ Annuity વીમા રકમ ૧૨૦ હપ્તામાં પાર્ટીનૅ ચુકવવામાં આવશૅ. અનૅ મુદત પુરી થયૅ Maturity રકમ પણ ચુકવવામાં આવશૅ. |
| Situation in case of primum paying Member's Death | વાલીના મૃત્યુના સંજૉગૉમાં પણ<br>**૧૨,૦૦૦/- રૂપિયા** ભરવા જ પડશૅ. | વાલીના મૃત્યુના સંજૉગૉમાં **૨૨,૦૦૦/- રૂપિયા ભરવાના નથી** અનૅ **૬.૭૫ લાખ** ઍકસીડન્ટ મૃત્યુ માં તાત્કાલીક ફૅમીલીનૅ મળી જશૅ. કુદરતી મૃત્યુમાં **૩ લાખ**+Bonous Ifany રકમ પણ મળશૅ. |
| Who can take | ૦ થી ૧૦ વર્ષની છૉકરીના<br>મા-બાપ જ લઇ શકે છે. | છૉકરી કે છૉકરાના મા-બાપ માટે આ પ્લાન મળી શકશૅ. અથવા છૉકરી કે છૉકરા વગરના મા-બાપ પણ આ પ્લાન લઇ શકે છે. |
| **Result** | **Tension ..... Tension** | **No..... Tension .....** |

## L.I.C. નો પ્લાન ૨૧ ઉપરાંત ૧૬ અને ૨૨ વરસે પાકતી મુદતનો પણ મળી શકશે





**: Contact :**


**Dipak Mistry**

**Mo. : 98259 80840**

**02637 247339**

Address :

B-704, Sunsine Complex,

Ashanagar, Opp. Tata Hall, Navsari 396 445

email : dipakmistry1690@gmail.com / mistrynishir@gmail.com

**Sima Mistry -**

**Mo. : 98256 93143**

# 'સ્વર્ણિમ ફંડ'



શ્રીમતિ શોભાબેન અને શ્રી મહેશભાઈ કેશવલાલ મિસ્ત્રી-લેસ્ટર યુ.કે.

લેસ્ટર યુ.કે.ના શ્રીમતિ શોભાબેન અને શ્રી મહેશભાઈ કેશવલાલ મિસ્ત્રી તરફથી સ્વર્ણિમફંડમાં રૂા. ૨૦,૦૦૦/- મળ્યા છે. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દાતાઓના આભારી છે......



**અર્પણકતા**

શ્રી મહેશભાઈ કેશવલાલ મિસ્ત્રી

શ્રીમતિ શોભાબેન મહેશભાઈ મિસ્ત્રી

ચિ. સુરજ મહેશભાઈ મિસ્ત્રી

ચિ. રીકી મહેશભાઈ મિસ્ત્રી

લેસ્ટર-યુ.કે.



**51, Robas Road**
**LE-4, 5.H.G. Leicester U.K.**

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

**આ યોજનાનો હેતું :-** સદર યોજનાના સભ્યના અણધાર્યા અવસાન સમયે કુટુંબને જે આર્થિક આપત્તિ આવી પડે છે તેમાં સહાયરૂપ થવું.

**સભ્યપદ :-** ❖ સદર યોજનામાં ૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ત્યારબાદ મૃત્યુ સુધી સભ્યપદ ચાલુ રહેશે. મૃત્યુબાદ જ વારસદારને રકમ ચુકવવામાં આવશે. ❖ પંચોલી જ્ઞાતિ સમાજના ૫ થી ૫૦ વર્ષની ઉંમરના કોઇપણ સ્ત્રી કે પુરૂષ સદર યોજનાના સભ્ય થઇ શકશે. ❖ ઉંમરના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા આ બન્નો ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**વાર્ષિક ફાળો :-** ❖ દર વર્ષે એપ્રિલ માસમાં પંચોલી નવયુગના અંકમાં આગલા વર્ષના મૃત્યુ પ્રમાણે ભરવાની રકમ જાહેર કરવામાં આવશે. કોઇપણ ૧ થી ૪ વ્યકિતના મરણ થાય તો ઓછામાં ઓછા રૂા. ૧૦૦ વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ❖ મૃત્યુ દર પાંચ કે તેની ઉપર થતા મૃત્યુ દીઠ રૂા. ૨૫ પ્રમાણે વાર્ષિક ફાળો આપવાનો રહેશે. દા.ત. : ૭ મરણ થાય તો ૭ × ૨૫ = ૧૭૫ આપવાના થાય. મૃત્યુદીઠ રૂા. ૨૫ માંથી રૂા. ૨૦/- સભ્યની સહાયમાં વપરાશે તથા રૂા. ૫/- સ્થાયીફંડમાં જમા થશે.

**આ વર્ષે વાર્ષિક ફાળો સભ્ય દીઠ રૂા. ૩૦૦/- ભરવાના રહેશે જેની નોંધ લેવી.**

**❖ વાર્ષિક ફાળાની રકમ દર વર્ષે ૩૧ મે સુધીમાં જમા કરાવવાની રહેશે. જુન માસમાં રૂા. ૧૦/- લેઇટ ફી તથા જુલાઇ માસમાં રૂા. ૨૦/- લેઇટ ફી વધારાના આપવાના રહેશે. તા. ૩૧ જુલાઇ સુધીમાં વાર્ષિક ફાળો ન જમા કરાવનારનું સભ્યપદ રદ કરવામાં આવશે.**

❖ સભ્યના અવસાન સમયે સભ્યોની સંખ્યાના ગુણાંકમાં રૂા. ૨૦/-પ્રમાણે સહાય આપવામાં આવશે. દા.ત. ૧,૪૦૦ સભ્યો હોય તો ૨૮,૦૦૦ સહાય મળશે. ❖ અકસ્માતથી મરણ થતા સમાજ સુરક્ષા યોજનાની સહાય ઉપરાંત અકસ્માત વિમાની રકમનો લાભ પણ મળશે.

**❖ હૃદયના વાલ્વની બિમારી, કિડનીની બિમારી, કેન્સર, બાયપાસ કરેલ દર્દી, એઇડ્સ્ કે અન્ય ગંભીર બિમારીથી પીડાતી વ્યકિત આ યોજનામાં જોડાઇ શકશે નહી. નવા જોડાનાર સભ્યએ અરજીપત્રકમાં છેલ્લા ૨ વર્ષથી કોઇ ગંભીર બિમારીમાં પડયા નથી તેની જાહેરાત કરવાની રહેશે. ખોટી માહિતી આપનારને યોજનાનો લાભ મળશે નહી.**

**આંતરજ્ઞાતિય લગ્ન કરનાર સ્ત્રી સભ્યનું સભ્યપદ રદ કરવામાં આવશે. તેના ફક્ત વાર્ષિક ફાળાની રકમ વાલીની અરજી આવ્યેથી તેમને પરત કરવામાં આવશે.**

આથી સમાજ સુરક્ષા યોજના ના સર્વે સભ્યોને જણાવવાનું કે, **સને ૨૦૧૪-૧૫ ના વર્ષની વાર્ષિક ફાળાની રકમ રૂા-૩૦૦.૦૦(સભ્ય દીઠ) તા.૧.૪.૨૦૧૫ થી તા.૩૧.૫.૨૦૧૫ દરમ્યાન સમાજ સુરક્ષા યોજનાના મંત્રી શ્રી નવિનભાઇ સી. પંચોલી ને નીચે જણાવેલ સરનામા પર ફક્ત રોકડા અથવા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C સમાજ સુરક્ષા યોજના' ના નામ નો ફક્ત રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ થી મોકલવા વિનંતી છે. સભ્યશ્રીઓ એ પોતાનો સભ્ય નંબર અવશ્ય જણાવવો. કુટુંબદીઠ એક જ રસીદ બનાવવામાં આવતી હોવાથી ફાળાની રકમ કુટુંબદીઠ મોકલવા વિનંતી છે.** સાથે સમાજના આ યોજનામાં જોડાવવા માટે બાકી રહેલ જ્ઞાતિજનો ને વિનંતી કરવામાં આવે છે કે, આ સાથે ફોર્મ સામેલ છે તો તમો પણ આ યોજનામાં જોડાય સમાજ સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા વિનંતી કરવામાં આવે છે. દરેક એકમના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓને પણ વિનંતી કરવામાં આવે છે કે આપના એકમના જે જ્ઞાતિજનો આ યોજનામાં જોડાવાના બાકી છે તેવા જ્ઞાતિજનો ને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

દરેક જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે માહે માર્ચ-૨૦૧૫ના અંકમાં પ્રકાશિત કરેલ સમાજ સુરક્ષા યોજનાનો લેખ ધ્યાનથી વાંચીને આ યોજનામાં સભ્ય તરીકે જોડાઇએ અને મૃત્યુ બાદ મળતી રકમ આપણા જ જ્ઞાતિજનોને વધુ મળે એ માટે સહભાગી થઇએ...

**નવિનભાઇ વિ. પંચોલી-અધ્યક્ષ**
**નવિનભાઇ સી. પંચોલી-મંત્રી**
**રાજેશભાઇ પી. ગાંધી-સહમંત્રી**

નવયુગ શુભચિંતક  સ્વ. કમળાબેન નગીનદાસ પંચોલી  સુરત  સ્વ. હસમુખભાઇ બાલુભાઇ ગજજર  સુરત

# પંચોલી સેવા સમાજ મહામંડળ

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

રજી. નં.: A/1822/ભરૂચ

નામ :

અટક                    નામ                    પિતા/પતિનું નામ

જન્મ તારીખ :.........................

પત્ર વહેવારનું સરનામું..........................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

પીનકોડ..................................ફોન : (ઘર) ............................... (ઓ) ..............................

મો : ................................................................ ઈમેલ : ...............................................

અરજી વખતે કોઇ બીમારીની માહિતી..........................................................................

આ સાથે દાખલ ફી રૂા.......................+ વાર્ષિક ફાળાની રકમ : રૂા. ૩૦૦/-

કુલ રકમ................................................ રોકડા/મ.ઓ./ડ્રાફ્ટ થી મોકલ્યાં છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારને મળે તેવી વિનંતી છે.

વારસદારનું નામ :..................................................................................................

**૧. આથી હું જાહેર કરું છુ કે સભ્ય થતી વખતે મને હૃદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર,બાયપાસ, એઇડ્સ કે અન્ય ગંભીર બીમારી નથી**

૨. સમાજ સુરક્ષાના પાછળ મુજબના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને કબૂલ મંજૂર છે.

સભ્યની સહી............................................

| ઉંમર | દાખલ ફી | વાર્ષિક ફાળો |
|---|---|---|
| ૫ થી ૨૦ વર્ષ સુધી | ૬૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૨૦ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષ અંદર | ૮૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૩૦ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૧,૨૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૦ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | ૨,૦૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ સુધી | ૫,૦૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |

ઉંમરનો પૂરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કુલ સર્ટીફીકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**નોંધ :** ફાળાની રકમ રોકડા, M/o. અથવા ડીમાન્ડ ડ્રાફટથી મોકલવી. ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c. શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાના રહેશે.

## આ યોજનાની ઓફીસનું સરનામું

**અધ્યક્ષ**
**નવીનચંદ્ર વિ. પંચોલી**
કોટ, દેસાઇ ફળીયુ
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
મો.: ૯૮૭૯૩ ૫૧૦૧૦

**મંત્રી**
**શ્રી નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી**
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ,
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૨૪૭૨
મો. ૦૯૯૯૮૭ ૭૮૦૮૬

**સહમંત્રી**
**રાજેશભાઈ પી. ગાંધી**
મહાદેવનગર, હરીનગર-૨
ની પાછળ, ઉધના, સુરત
મો.: ૯૮૨૫૨ ૧૩૦૯૨

**જરૂર પડેથી અરજીપત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.**

**એકાઉન્ટ નંબર - 120110024122**

નવયુગ શુભચિંતક    સ્વ. અમૃતલાલ સાંકરલાલ જરીવાલા    સુરત    શ્રી હરીશભાઈ બાબુભાઈ પંચોલી    સુરત

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી
વર્ષ ૨૦૧૫-૧૬

**ઉપરોકત ટ્રસ્ટ માટે મુ. સ્વ. છગનલાલ ઘેલાભાઈ મિસ્ત્રી એ રૂા. ૫,૫૫,૫૫૫નું દાન આપી પ્રસ્થાપિત કરેલ છે.**



**'સમાજરત્ન'**
**સ્વ. છગનભાઈ ઘેલાભાઈ મિસ્ત્રી-મુંબઈ**



**સ્વ. લીલાવતીબેન છગનભાઈ મિસ્ત્રી-મુંબઈ**

## ઉદ્દેશ્ય

(૧) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ મુળ ભંડોળ (કોપર્સ ફંડ) માં રીઝર્વ તરીકે જમા કરાવવી.

(૨) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. બેન ગજરાબેન ઘેલાભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ વિકલાંગોને અથવા જરૂરીઆતમંદ વ્યકિતઓને વૈદકિય સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૩) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના પિતાશ્રી ઘેલાભાઈ જગજીવનદાસ અને માતુશ્રી તાપીબેન ઘેલાભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ (નિરાધાર) વ્યકિતઓને આર્થિક સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૪) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. છગનભાઈ ઘેલાભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૫) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના ધર્મપત્નિ સ્વ. લીલાવતીબેન છગનભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિની ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૬) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ આ ટ્રસ્ટના વહીવટી ખર્ચ અંગે વાપરવી.

નવયુગ શુભચિંતક શ્રી હિરાલાલ અમૃતલાલ મહેતા સુરત શ્રી હરકીશનદાસ ભગવાનદાસ પંચોલી સુરત

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

**શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી**

**વર્ષ ૨૦૧૫-૧૬**

## અરજીપત્ર

અરજદારનું નામ : ..........................................................................................

ઉંમર : ..................... વ્યવસાય : ..........................................................................

સંપૂર્ણ સરનામું : ..........................................................................................

..........................................................................................................................

............................................................ જીલ્લો : .............. રાજ્ય : ................

પીનકોડ : .......................... ફોન : ..........................................................................

બેંકનું નામ : ..............................બ્રાંચ :...................... A/c No. :.............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોકત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ......................................................................

..........................................................................................................................

કુટુંબમાં કમારનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ...........................

(૨) .............................. માસિક આવક ...........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન ................... (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોકત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી .......................

સાક્ષીનું નામ : ..........................................................................................

સ્થળ : ....................................... સાક્ષીની સહી : ...........................................

## ભલામણપત્ર

શ્રી/શ્રીમતી..................................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**

મુકેશ પરમાનંદ પંચોલી :- ૨૦૮-સી, જય એપાર્ટમેન્ટ ૩૨ નહેરુરોડ, શાંતાક્રુઝ(પૂર્વ) મુંબઈ-૪૦૦ ૦૫૫
ફોન : ૨૬૧૪૨૨૫૯ મો. : ૦૯૮૨૧૨ ૨૧૮૫૧

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોકત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોકત અરજી ૩૧ મે પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફકત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

નવયુગ શુભચિંતક સ્વ. શાંતિલાલ ફકીરભાઈ પંચોલી સુરત સ્વ. જગજીવનદાસ કલ્યાણજી ગજ્જર સુરત

# સંસ્થા સમાચાર......

## પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

તા. ૮.૩.૨૦૧૫-રવિવારના સવારે ૮.૦૦ કલાકે સ્વયં ગૃપ અંકલેશ્વર અને રોટરી કલબ ઓફ અંકલેશ્વરના સંયુકત નેજા હેઠળ સીનીયર સીટીજન મેડીકલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં બ્લડપ્રેસર તથા ડાયાબીટીશ ચેકઅપ કરી વિશેષ માહિતી આપવામાં આવી હતી.

સીનીયર સીટીજનો સાથે રમતો, અંતાક્ષરી વિગેરે રમ્યા હતા. પંચોલી જ્ઞાતિના સીનીયર સીટીજનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ્લે ૬૫ સીનીયર સીટીજનોએ ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંતમાં બપોરે ૧૨.૩૦ કલાકે ભોજનનો આસ્વાદ માણી સૌ છુટા પડયા હતા.

તા. ૮.૩.૨૦૧૫ના રોજ અંકલેશ્વર એકમ-મહિલા મંડળ તથા સ્વયં ગ્રુપના સભ્યો સાથે ટુંકા પ્રવાસ સહિત એક મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૪ વ્યકિત હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો...

પ્રથમ ૩.૩૦ કલાકે મેઘના આર્કેડ ચૌટાબજાર ખાતે સૌ ભેગા મળ્યા ત્યારબાદ બે મારુતિવાન તથા પ્રાઇવેટ વ્હીકલ દ્વારા પ્રથમ ઝાડેશ્વર મુકામે આવેલ નીલકંઠેશ્વર મહાદેવના મંદિરે પહોંચ્યા દર્શન કરી સૌએ બોટીંગની મઝા માણી.. ત્યારબાદ નર્મદા કિનારે આવેલ સુપ્રસિદ્ધ ગાયત્રીમાતાના મંદિરે પહોંચ્યા ત્યાં દર્શન કરી નર્મદાના પાવન જળના દર્શન કર્યા.. ઝાડેશ્વર ખાતે આવેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે દર્શન કર્યા અને ત્યાં સુંદર લોનમાં એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું.

સ્વયં ગ્રુપની મિટિંગમાં સુરત ‘ઉડાન’ પોગ્રામમાં મોટી સંખ્યામાં હાજર રહેવા પ્રેરણા આપી. યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે ઉડાનની રજીસ્ટ્રેશન ફી અંકલેશ્વર એકમ તરફથી આપવાનું નકકી કરવામાં આવ્યું. અને સુંદર મનોરંજન એન્ટ્રી લઇ જવી અને સુંદર તૈયારી કરવા માટે જણાવવામાં આવ્યું. વાર્ષિક પોગ્રામ અંગે ચર્ચા કરવામાં આવી. સુંદર મનોરંજન પોગ્રામ રજુ કરવા માટે વિનંતી કરવામાં આવી. જેમાં મનોરંજન પોગ્રામની એન્ટ્રી સોનલબેન મનોજકુમારને નોંધાવવાનું નકકી કરવામાં આવ્યું. પરીક્ષા પુરી થતા એક દિવસીય પ્રવાસ રાજપીપલા-પોઇચાના પ્રવાસનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું. ઝાડેશ્વર સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી સંતસમાગમ કરી પ્રેમવતીમાં રાત્રી ભોજન લઇ છુટા પડયા.

## પંચોલી સમાજ – સંખેડા

પંચોલી સમાજ સંખેડાને વાડીના જીર્ણોદ્ધાર માટે નીચે મુજબ દાન મળેલ છે..

| | |
|---|---|
| ૧૧,૧૧૧ | પંચોલી ભોગીલાલ મૂળજીભાઇ-સંખેડા |
| ૧૧,૧૧૧ | પંચોલી ઉપેન્દ્રકુમાર ચંદ્રકાંતભાઇ હ. - સરલાબેન |
| ૨૯,૦૦૦ | પંચોલી હરીશભાઇ મુળજીભાઇ - સંખેડા |
| ૭,૧૦૧ | પંચોલી ભાવિકભાઇ શૈલેષભાઇ - સંખેડા |
| ૫,૫૫૫ | પંચોલી દુર્ગેશભાઇ પ્રકાશભાઇ - સંખેડા |
| ૫૦૧ | સ્વ. પંચોલી મધુબેન કંચનભાઇ - સંખેડા |
| ૫૦૧ | પંચોલી ભૂપેન્દ્રકુમાર રમણલાલ - કવાંટ |
| ૩,૦૧૧ | પંચોલી નગીનદાસ પીતાંબરદાસ - ભાટપુર |
| ૧,૫૦૧ | પંચોલી જગદીશભાઇ છીતાલાલ - ભાટપુર |
| ૧,૧૧૧ | પટેલ રમણભાઇ કાલીદાસ - હાંડોદ |
| ૪,૦૦૧ | પંચોલી જયંતીલાલ ભગવાનદાસ-ઘમણાચા-રાજકોટ |
| ૫,૦૦૦ | પંચોલી નટવરલાલ ગોરધનદાસ - પાવી જેતપુર |
| ૫,૦૦૦ | પંચોલી મુકેશભાઇ રણછોડભાઇ - ગઢબોરીયાદ |
| ૩,૦૦૧ | પંચોલી વિપીનચંદ્ર બાબુભાઇ સંખેડા(વડોદરા) |

## શ્રી પંચોલી સમાજ – વડોદરા

તા. ૨૨-૩-૨૦૧૫ને રવિવારના રોજ વડોદરા સમાજની કારોબારી સભા પ્રમુખશ્રી પદ્માકાંતભાઇ પંચોલીના નિવાસસ્થાને મળી. જેમાં મુખ્ય ચર્ચામાં સમાજના વિદ્યાર્થીઓને નોટબુક/ચોપડા આપવાં, સ્વયં પોગ્રામ ‘ઉડાન’ વિશે માહિતી આપી તેમજ સમાજના વર્ષો પુરાણા રેકોર્ડ-કાગળો કાઢી નાંખવા બાબત ચર્ચા કરવામાં આવી.

નોટબુક/ચોપડાં પ્રાપ્ત કરવા માટે સમાજના સભ્ય હોવું જરૂરી છે. વિદ્યાથીની જે તે વર્ષની માર્કસીટ આપીને નીચે આપેલા સ્થળેથી મેળવી લેવા. સભ્ય નંબર આપવો જરૂરી છે.. નોટબુકનું વિતરણ તા. ૧૫.૫.૨૦૧૫ થી ૧૬.૬.૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આપવામાં આવશે. નોટબુક/ચોપડાં ૫૦% રાહત દરે આપવામાં આવશે.

પંચોલી દેવાંગ પ્રવિણચંદ્ર-વાઘોડિયારોડ મો. ૯૮૨૫૭ ૦૫૮૯૯
પંચોલી નટવરલાલ એમ.-વાઘોડિયારોડ મો. ૯૪૨૯૮ ૩૨૧૭૫
પંચોલી સચીન રમેશચંદ્ર-માંજલપુર મો. ૯૪૨૮૪ ૨૫૭૬૦
પંચોલી પરેશ સુંદરલાલ-ગોત્રીરોડ મો. ૯૯૯૮૨ ૮૪૯૫૯
પંચોલી બીપીન બાબુભાઇ-સુભાનપુરા મો. ૯૯૯૮૦ ૦૯૬૪૯
પંચોલી અશ્વિનભાઇ એસ.-હરણી વરાસીયા રીંગરોડ)
મો. ૯૪૨૯૯ ૨૫૬૬૩

નવયુગ શુભચિંતક શ્રીમતિ પુષ્પાબેન બાલકૃષ્ણ જરીવાલા સુરત શ્રી સુરેશચંદ્ર મણિલાલ છાપાવાલા સુરત

૧,૦૦૦/- દેવાંગકુમાર પ્રફુલચંદ્ર પંચોલી
૧,૦૦૦/- અશ્વિનભાઇ એસ. પંચોલી
૧,૦૦૦/- જયરાજભાઇ એ. પંચોલી
૧,૦૦૦/ અભય એ. પંચોલી
૧,૦૦૦/- હરીશકુમાર એમ. પંચોલી

## પંચોલી સમાજ - વડોદરા

પંચોલી સમાજ વડોદરાને નીચે મુજબનું દાન મળ્યું છે.

૨૫૦/- વડોદરાના નરેન્દ્રભાઇ ગોરધનભાઇ મિસ્ત્રી તરફથી પુત્ર રોનકના લગ્ન નિમિત્તે

૫૦૦/- વડોદરાના શ્રીમતિ પ્રેમીલાબેન એન. પંચોલી તરફથી શૈક્ષણિક ફંડમાં મળ્યા.

૫૦૧/- વડોદરા નિવાસી પંચોલી નારણભાઇ ઓચ્છવલાલ પંચોલી તરફથી પ્રપૌત્રોની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે..

૫૦૦/- વડોદરા નિવાસી માતુશ્રી સ્વ. મિનાક્ષીબેન યુ. પંચોલીના સ્મરર્ણાર્થે શ્રી રવિન્દ્રભાઇ ઉમંગભાઇ પંચોલી તરફથી મળ્યા.

૫૦૧/- વડોદરાના સ્વ. મુકુંદભાઇ હીરાલાલ પંચોલીના સ્મરણાર્થે નિર્મળાબેન મુકુંદભાઇ પંચોલી તરફથી..

૧૦૧/- વડોદરાના દાદાશ્રી પ્રવિણભાઇ છગનલાલ પંચોલી તરફથી પપૌત્ર ચિ. માનિતના જન્મ નિમિત્તે...

## પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ - વડોદરા

પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ સમાજ ભવન માટે નીચે મુજબના દાન મળ્યાં છે.. શ્રી પંચોલી સમાજ વડોદરા તેમજ બહાર વસતાં પંચોલી પરિવારો તરફથી દાનનો પ્રવાહ વહેતો થયો છે.. જે 'સૌનો સથ - સમાજનો વિકાસ' સૂત્રને સાકાર કરનારો પ્રશંસનીય અને આવકાર્ય છે..

૨૫,૦૦૦ પંચોલી ચીમનભાઇ ચુનીલાલ હ. લક્ષ્મણભાઇ

૨૫,૫૦૧ સ્વ. ધીરજબેન અને કંચનલાલ મગનલાઇ પંચોલીના સ્મરણાર્થે પંચોલી શર્મીષ્ઠાબેન નરેશચંદ્ર તરફથી

૨૫,૫૦૧ સ્વ. નરેશચંદ્ર કંચનલાલ પંચોલીના સ્મરણાર્થે પંચોલી ધીરેનકુમાર નરેશચંદ્ર(યુ.કે.) તરફથી

૧૧,૦૦૦ ઠાકોરભાઇ કંચનલાલ પંચોલી

૧૧,૧૧૧ સ્વ. ચેતનભાઇ મોહનલાલ પંચોલીના સ્મરણાર્થે સવિતાબેન ચેતનભાઇ પંચોલી તરફથી..

૧૫,૧૧૧ પીયુષચંદ્ર ધીરજલાલ પંચોલી

## પંચોલી સમાજ - રાજપીપલા

શ્રી પંચોલી સમાજ રાજપીપલાને જન્મદિનની મળેલ ભેટ

૧૫૧/- અ.સૌ. ગીતાબેન તથા શ્રી પ્રકાશભાઇ મૂળજીભાઇ પંચોલી-એડવોકેટ તરફથી જન્મદિવસ નિમિત્તે.

૧૫૧/- અ.સૌ. ગીતાબેન તથા શ્રી પ્રકાશભાઇ મૂળજીભાઇ પંચોલી-એડવોકેટ તરફથી મેરેજએનીવર્સરી નિમિત્તે.

૧૦૧/- શ્રી શાંતિલાલ વલ્લભદાસ મપારા

૧૦૧/- અ.સૌ. પૂર્ણિમાબેન નરેન્દ્રકુમાર મપારા

૫૦૧/- ચિ. પર્વના પ્રથમ જન્મદિન નિમિત્તે દાદા શ્રી નરેશભાઇ જેઠાલાલ પંચોલી-ડેડીયાપાડા તરફથી

૧૦૧/- અ.સૌ. સંગીતાબેન દિનેશચંદ્ર પંચોલી

૧૦૧/- મૌલિકકુમાર દિનેશચંદ્ર પંચોલી

૧૦૧/- દિનેશચંદ્ર નટવરલાલ પંચોલી (નાના) તરફથી ચિ. આરવ કેતુલકુમાર પંચોલી-વડોદરાની વર્ષગાંઠ નિમિત્તે..

## ત્રીજી વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ

**ચિ. સીયા રાકેશભાઇ પંચોલી**
**જન્મ તા. ૧૭.૪.૨૦૧૨**



ગં.સ્વ. ઉર્મિલાબેન શનાભાઇ પંચોલી
અનિલાબેન - મહેશભાઇ શનાભાઇ પંચોલી
મેઘાબેન - રાકેશભાઇ મહેશભાઇ પંચોલી
સચીનકુમાર મહેશભાઇ પંચોલી
જુનાટાવર મુ.પો. તા. સંખેડા. જિ. છોટાઉદેપુર
મો. ૯૭૨૬૭ ૩૪૬૩૯

# મહિલા સમાચાર......

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

શ્રી પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૧ઃ૨ઃ૨૦૧૫ના રોજ પંચોલી વાડીમાં મળી ચિ. મનસ્વી-સ્તુતિ અને ક્રિયાની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી.

ફેબ્રુઆરી માસમાં આવતી બહેનોની બર્થડે તથા એનીવર્સરી વીશ કરવામાં આવી. મહિલા સંમેલનમાં કાર્યરત રહી સાથે રહેનાર મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેનનું મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ ગીતાબેને પુષ્પ આપી સન્માન કર્યુ. સ્ત્રી શશકિતકરણના પોગ્રામને સમયસર આપણી સમક્ષ લાવી તમામ જવાબદારી લેનાર મીહિરભાઇ હર્ષદભાઇ મિસ્ત્રીનું પ્રમુખ શ્રીમતિ ગીતાબેને એમના તરફથી સ્મૃતિભેટ આપી સન્માન કર્યુ. રસોડા સમિતિના હર્ષદભાઇ પરસોત્તમભાઇ મિસ્ત્રી અનિવાર્ય સંજોગોને લઇને હાજર ન રહી શકયા હતા તેમનું સન્માન તેમની પુત્રવધુ શ્રીમતિ ડોનિકાબેને સ્વીકાર્યુ

પ્રગતિ પંથે નારી સંમેલન સફળ રહ્યું અને વધુ પ્રગતિના પંથે આગળ વધે એ માટે પ્રોત્સાહિત કરવા પંચોલી સમાજ વ્યારા તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું દાન આપવામાં આવ્યું તે બદલ વ્યારા સમાજના હોદ્દેદારોનો આભાર માનવામાં આવ્યો. સાંસ્કૃતિક કૃતિઓ તૈયાર કરાવનાર ભાવનાબેન તથા જયશ્રીબેનનો પણ આભાર માનવામાં આવ્યો.

આજરોજ પ્રાંતિય વેશભૂષા રાખવામાં આવી હતી. જેના નિર્ણાયિક તરીકે કવિતાબેન શાહે સેવા આપી. પારૂલબેને નિર્ણાયિકશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. મહિલા મંડળના સભ્યોનો આનંદમેળો રાખવામાં આવ્યો હતો. જેમાં બહેનો વિવિધ વાનગીઓ બનાવી લાવી હતી. બધીજ બહેનોએ આનંદમેળાનો આનંદ માણી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. માર્ચ માસની મિટિંગ મહિલા દિન નિમિત્તે ૮મી માર્ચે રાખવાનું નકકી કરવામાં આવ્યું.

પ્રાંતિય વેશભૂષાના વિજેતા : પ્રથમ દિવ્યાબેન જેનીશભાઇ(મહારાષ્ટ્રીયન) દ્વિતીય કાજલ અવનીશભાઇ(સાઉથ ઇન્ડિયન). બીજી બહેનોને ગીતાબેન ગાંધી તરફથી આશ્વાસન ઇનામ આપવામાં આવ્યું હતું.

આજે નીચે મુજબનું દાન મળ્યું...
એનીવર્સરી નિમિત્તે....

| | |
|---|---|
| ૧૦૧ | દક્ષાબેન મહેશભાઇ પંચોલી |
| ૫૦ | અંજલીબેન પચ્ચીગર |
| ૫૦ | ઇન્દિરાબેન નવિનભાઇ |
| ૫૧ | કિરણબેન ધર્મેશભાઇ |
| ૫૧ | અલ્પાબેન નિલેશભાઇ |
| ૫૦ | કાજલબેન અવનીશભાઇ તરફથી બર્થડે નિમિત્તે... |

શ્રી પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૮ઃ૩ઃ૨૦૧૫ના રોજ પંચોલી વાડીમાં મળી શ્રીમતિ કુસુમબેનની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી. સ્વ. નયનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલીનું અવસાન થતા શ્રદ્ધાંજલી આપવામાં આવી. ઉપપ્રમુખ શ્રીમતિ બેલાબેને સૌને આવકાર્યા.

માર્ચ માસમાં આવતી બહેનોની બર્થડે તથા એનીવર્સરી વીશ કરવામાં આવી. ૮મી માર્ચ એટલે મહિલાદિન.. એ નિમિત્તે ડો. દક્ષાબેન વ્યાસ અને એમની ટીમ માર્ગદર્શન આપવા માટે આવી હતી. આનંદીબેને ડો. દક્ષાબેન વ્યાસનો પરિચય આપ્યો હતો. ડો. દક્ષાબેને બહેનો સાથે વાર્તાલાપ કરી પ્રશ્નોત્તરી કરી ઉત્તરો આપ્યા હતાં. બાળ ઘડતર દ્વારા વિશ્વ શાંતિ અભિયાનની માહિતી પૂરી પાડી હતી. ધો. ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી નવયુગના અગત્યના મુદ્દાનું બેલાબેને વાંચન કર્યુ હતું. અંજલીબેને હાલરડું ગાઇ બાળપણની યાદ અપાવી હતી.

આજનું દાન રૂા. ૫૦ રીનલબેન જીજ્ઞેશભાઇ તરફથી વર્ષગાંઠ નિમિત્તે. રૂા. ૫૦ અલકાબેન દર્શનભાઇ પરફથી એનીવર્સરી નિમિત્તે મળ્યા હતા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી તા. ૨૬.૦૪.૨૦૧૫ના રોજ જલવાટીકામાં આગામી મિટિંગનું આયોજન કરી છુટા પડયા..

## તેજસ્વી મહિલા મંડળ-વડોદરા

તા. ૨.૩.૨૦૧૫ને સોમવારના રોજ નીતાબેન એસ. પંચોલી-વાઘોડિયારોડ ખાતે તેજસ્વીની મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. પ્રથમ ગુરૂદેવ દત્તની પ્રાર્થનાથી કરવામાં આવી. માનનીય મિનાક્ષીબેન તથા સમાજના નામી-અનામી દિવંગતોના આત્માને શ્રેયાર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

માર્ચ માસમાં આવતી બર્થડે નિમિત્તે હર્ષાબેન પંચોલી તથા પ્રતિબેન પંચોલીનું જ્યોતિબેન એસ અને શીલાબેને પોન્ડસની સોડમથી અભિવાદન કર્યુ. ગત મિટિંગનો અહેવાલ તથા નવયુગના પોઇંટનું મુખ્યત્વે વાંચન શીલાબેને કર્યુ હતું.

આજરોજ વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેનાં વિષય હતાં (૧) પ્રણાયામ અને યોગાસનનું જીવનમાં મહત્વ (૨) દીકરી લગ્ન પહેલા અને લગ્ન પછીની ભૂમિકામાં. ૧૨ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ જ્યોતિબેન કે. અને

નવયુગ શુભચિંતક શ્રી મધુસુદનભાઇ ચંદુલાલ પંચોલી વડોદરા શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી વડોદરા

દ્વિતીયમાં નિકુંજબેન તથા શીલાબેન સાથે ટાય થઇ હતી. અંતે શીલાબેન વિજયી બન્યા. આજની વકૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકેની સેવા ચૈતાલીબેન મિસ્ત્રીએ આપી હતી.

બીજી સ્પર્ધા કેશગૂંફનની રાખવામાં આવી હતી. જેમાં ઘરેથી કેશગૂંફન કરીને આવવાનું હતું. જેમાં પ્રથમ પ્રજ્ઞાબેન તથા દ્વિતીય નીમાબેન વિજેતા થયા હતાં. નીતાબેને વિજેતા બહેનોને આકર્ષક ઇનામોથી નવાજ્યા.

અંતમાં ફરતી લાયબ્રેરીના પ્રોજેક્ટમાં નીતાબેને પંચામૃત, જ્યોતિબેન એસ.એ જનકલ્યાણ, શીલાબેને યુગશક્તિ ગાયત્રીનું સાહિત્ય તથા નીતાબેને સફારી મેગેઝીન આપી સાને રોજ થોડું થોડું વાંચન કરવાની સમજ આપી હતી. શ્રીમતિ ઉષાબેન તથા શ્રી પ્રવિણભાઇ પંચોલી તરફથી પ્રપૌત્ર ચિ. માનિતના જન્મની ખુશાલીમાં મંડળને રૂા. ૨૫૦/- ભેટ આપ્યા. અંતમાં સુંદર અલ્પાહારને ન્યાય આપી આગામી મિટીંગ લીનાબેન બી. પંચોલી ઝય-ધવલ પાર્ક સો. વિશ્વામિત્રિમાં ભજન સંધ્યા અને ઓછા સમયમાં ફેસીયલનો ડેમો રાખવાનું નક્કી કરી સૌ છુટા પડ્યા.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૨.૩.૨૦૧૫ને સોમવારના રોજ અમિતાબેન પ્રશાંતભાઇ પંચોલીના નિવાસસ્થાને રાખવામાં આવી. પ્રાર્થના કરી મિટિંગની શુભશરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. નવયુગના પોઇન્ટનું વાંચન કરવામાં આવ્યું.

ત્રણ નવા સભ્યનું સન્માન કરવામાં આવ્યું. બુકસ બદલીને આપવામાં આવી.. વન મિનિટ ગેમ રમ્યા જેમાં ૫૦ વર્ષથી ઉપરનામાં મીરાબેન અને ૫૦ વર્ષથી નીચેનામાં અમિતાબેન વિજેતા થયા. આ માસની બર્થડે નિમિત્તે સ્નેહાબેન અને શીલાબેનને ગીફટ આપી અને એનીવર્સરી નિમિત્તે જયશ્રીબેન અને મીનાબેનને શુભેચ્છાઓ પાઠવી. તા. ૧૬.૪.૨૦૧૫ના રોજ મીનાબેન છગનભાઇને ત્યાં ૧૮, રઘુવીર નગરમાં રાખવાનું નક્કી કરવામાં આવી. હોળી નિમિત્તે એક બીજાને ગુલાલથી રંગી રંગોત્સવ મનાવ્યો અને હોળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. આગામી મિટીંગમાં ૭૦ વર્ષથી ઉપરની મહિલાઓનુ સાલ ઓઢાડી સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં શરબત અને નાસ્તાને ન્યાય આપી છુટા પડયા.

**જીંદગીને કોઇપણ જાતની શર્ત વગર પ્રેમ કરો.**

## પંચોલી ભગીની સમાજ - રાજપીપલા

તા. ૨૮.૨.૧૫ના રોજ પંચોલી ભગીની સમાજની મિટિંગ પ્રતિભાબેનના નિવાસ સ્થાને મળી. પ્રથમ વેલકમ ડ્રીક્સ કોલ્ડકોફીથી સ્વાગત કરવામાં આવ્યુ.

મિટીંગની શુભ શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી. ત્યારબાદ વનમિનિટ ગેમ રમ્યા. જેમાં સ્મૃતિબેન પંચોલી વિજેતા થયા. પ્રતિભાબેને મોનો એક્ટીંગ દ્વારા પ્રશ્નો પૂછ્યા અને સૌએ તેના જવાબો આપી મનોરંજન કર્યુ.

આગામી મિટિંગ તા. ૧૪.૩.૨૦૧૫ના રોજ પ્રોજેક્ટ મુજબ વાનગી હરીફાઇ અને ભજન હરીફાઇ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તા. ૨૮.૨.૨૦૧૫ના રોજ ગરીબોને કપડાં વિતરણ કર્યુ. તા. ૨૦.૩.૧૫ના રોજ સ્નેહાબેનના ઘરે રાખવાનું નક્કી કર્યુ.. નીચે મુજબનું દાન મળ્યું...

રૂા. ૫૧ ઉષાબેન મુકેશભાઇ પંચોલી તરફથી મેરેજ એનીવર્સરી નિમિત્તે.. તથા વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫૦ પૂર્ણિમાબેન ગોવિંદભાઇ મપારા- તથા રૂા. ૫૦ શિવાલી દિપનભાઇ પંચોલી તરફથી મળ્યા..

તા. ૨૦.૩.૨૦૧૫ના રોજ સ્નેહાબેન પંચોલીના નિવાસસ્થાને એક મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં ૧૦૦ ટકા બેનો હાજર રહ્યાં હતાં. વેલકમ ડ્રીક્સ લીબુ શરબતથી સૌનુ આવકાર્યા બાદ સમૂહ પ્રાર્થના દ્વારા મિટિંગની શરૂઆત કરી.

લકી ડ્રો કર્યો જેમાં પૂર્ણિમાબેન લકી થયાં. ત્યારબાદ હાઉસી અને વન મિનિટ ગેમ રમ્યાં જેમાં વન મિનિટ ગેમમાં જયશ્રીબેન તથા હાઉસીમાં પૂર્ણિમાબેન વિજેતા થયાં. તા. ૧૪.૩.૨૦૧૫ના રોજ વાનગી સ્પર્ધા રાખી હતી. જેમાં પ્રથમ : ઉષાબેન પંચોલી, દ્વિતીયઃદિવ્યાબેન પંચોલી, તૃતીય ગીતાબેન પંચોલી અને ભજન સ્પર્ધામાં પ્રથમ : મંજુલાબેન સી. પંચોલી, દ્વિતીય : સરોજબેન ડી. પંચોલી અને તૃતિય હિનાબેન સી. પંચોલી વિજેતા થયા હતાં. અંતમાં તા. ૧૮.૪.૧૫ના રોજ નયનાબેન પંચોલીને ત્યાં આગામી મિટિંગ રાખવાનું નક્કી કરી રામ ડાયનીગ હોલમાં ભોજન લઇ છુટા પડયા.





નવયુગ શુભચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

# એક વાર જાવું હરીના ધામમાં



પંચોલી સમાજ વ્યારાના ટ્રસ્ટી તથા મહામંડળ ખજાનચીબોર્ડ અધ્યક્ષ ભરતભાઇ ચંપકલાલ પંચોલીના પિતાશ્રી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી તા. ૧૨.૦૨.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૩




અજરાઇ નિવાસી શ્રી નટવરલાલ આત્મારામ મિસ્ત્રી તા. ૨૧.૩.૨૦૧૫ ના રોજ હરીના ધામમાં ગયા.



વડોદરા નિવાસી મિનાક્ષીબેન ઉમંગરાય પંચોલી તા. ૨૧.૨.૨૦૧૫ ના રોજ હરીના ધામમાં ગયા..

ઉ.વ. : ૮૭



રાજપીપલા(સંખેડા) નિવાસી શ્રી કંચનલાલ નાનાલાલ પંચોલી તા. ૧૬.૨.૨૦૧૫ ના રોજ હરીના ધામમાં ગયા.



સીસોદ્રા(તા. રાજપીપલા) નિવાસી સૂર્યકાંતભાઇ ભીખાભાઇ પંચોલી તા. ૮.૩.૨૦૧૫ ના રોજ હરીના ધામમાં ગયા..

કાંદીવલી-મુંબઇ નિવાસી ગં.સ્વ. રમીલાબેન મોહનલાલ પંચોલી તા. ૧૩.૩. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૨


નવા માંડવા (ચાંદોદ) નિવાસી ગં.સ્વ. કપીલાબેન કેશવલાલ ઉર્ફે સોમાભાઇ પંચોલી તા. ૨૪.૧. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા.

# કુર્યાત સદા મંગલમ્



સુરત નિવાસી શ્રીમતિ કલ્પનાબેન તથા શ્રી જયવદનભાઇ પંચોલીના સુપુત્ર ચિ. ચિરાગના શુભલગ્ન ગણદેવી નિવાસી શ્રીમતિ બકુલાબેન તથા શ્રી કિરણભાઇ પંચોલી ની સુપુત્રી ચિ. સ્નેહા સાથે તા. ૨૪.૧.૨૦૧૫ રોજ થયા.

# ૨૫મી મેરેજએનીવર્સરી



નવાપુર(અમેરીકા) નિવાસી શ્રીમતિ અંજનાબેન તથા શ્રી પ્રવિણચંદ્ર મણીલાલ પંચોલી તા. ૧.૪.૨૦૧૫ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે..

## સુરતના જ્ઞાતિજનો માટે

સુરતના જ્ઞાતિજનોને જણાવવાનું કે તારીખ ૧ થી તારીખ ૧૦ સુધીમાં પંચોલી નવયુગ વાડીમાં મોકલવામાં આવે છે. જેની નોંધ લેશો.....

નવયુગ માટે સુરત પંચ પ્રમુખશ્રી

હેમંતભાઇ સી. મિસ્ત્રીનો સંપર્ક કરવો...

મો. : ૯૯૨૪૨ ૧૧૦૨૨

**મૃત્યુના મસ્તીભર્યા ગીતો સુણાવી જાય છે, જિંદગી પણ કયારેક ગેલમાં આવી જાય છે - શૂન્ય પાલનપુરી**

## નવયુગ શુભેચ્છક

## આઠમી પૂણ્યતિથિએ
## હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી – લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ,
કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે.
તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ ઝીણાભાઈ પંચોલી*

*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'ક્રોષ્ટા*
*પ્રીતિ ડી'ક્રોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester
LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

## નવયુગ શુભેચ્છક



**સ્વ. ભીખીબેન જમનાદાસ મિસ્ત્રી**
**અજરાઈ**

**ગુણમય દેહમાં ચિન્મયના કિરણ ફેલાવનાર,
કર્મ–વચન અને વાત્સલ્ય દ્વારા સૌમાં
સદ્‌ભાવ વહેંચનારા, પ્રેમ, કરુણા,
સેવા–સાદગી અને સહિષ્ણુતા સભર
અમારા લાડલા આજીબા
ના દિવ્ય આત્માને
કોટી કોટી વંદન**

**અર્પણકર્તા**
**દિનેશકુમાર કાંતિલાલ મિસ્ત્રી**
**અજરાઈ**

નવયુગ શુભચિંતક શ્રી મુંકુંદલાલ હિરાલાલ પંચોલી વડોદરા શ્રી બાબુલાલ રામદાસ મપારા વડોદરા

# ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૫૧/- સુરત નિવાસી શ્રી મોહનભાઇ કે. પંચોલી તરફથી નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે..

રૂા. ૧૦૧/- સુરત નિવાસી કીસી મેહૂલકુમાર પંચોલીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૫૦/- સંખેડા નિવાસી શ્રી પ્રકાશભાઇ ડાહ્યાભાઇ પંચોલી તરફથી પૌત્રી ખૂશ્વીની વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૫૧/- વ્યારા નિવાસી પૂર્વેશકુમાર હરીશભાઇ પંચોલી તરફથી પુત્રની વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૧૦૧/- સુરત નિવાસી શ્રીમતિ કલ્પનાબેન તથા જયવદનભાઇ પંચોલીના પુત્ર ચિ. ચિરાગના લગ્ન નિમિત્તે...

રૂા. ૧૫૧/- અ.સૌ. ગીતાબેન તથા શ્રી પ્રકાશભાઇ મૂળજીભાઇ પંચોલી-એડવોકેટ તરફથી જન્મદિવસ તથા મેરેજએનીવર્સરી નિમિત્તે.

રૂા. ૧૦૧/- મુંબઇ(ભરૂચ) નિવાસી શ્રી કેયૂરકુમાર ચેતનભાઇ પંચોલી તરફથી પુત્રી રીયાની વર્ષગાંઠ નિમિત્તે

રૂા. ૧૦૧/- મુંબઇ(ભરૂચ) નિવાસી શ્રી કંદર્પકુમાર ચેતનભાઇ પંચોલી તરફથી પુત્ર દર્શિલાની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે

# હેપી બર્થડે.....



કીસી મેહૂલકુમાર
પંચોલી-સુરત
૬.૪.૨૦૧૪




ખુશ્વી દુર્ગેશકુમાર
પંચોલી-સંખેડા
૧૫.૪.૨૦૧૨



શુભ કૃણાલ
પંચોલી-વ્યારા



દર્શિલ કંદર્પકુમાર
પંચોલી-વડોદરા
૧૨.૦૩.૨૦૧૦



આધ્યા જતીનકુમાર
પંચોલી-વ્યારા
૧૧.૦૪.૨૦૧૩



પર્વ નિરવકુમાર
પંચોલી-ડેડીયાપાડા
૧૭.૦૩.૨૦૧૪

*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph.** : 02646 - 291852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**